આત્મધર્મ
માસિક : વર્ષ-૧૮ * અંક-૧૦ * જૂન, ૨૦૨૪

## કોણ કર્તા અને શું તેનું કાર્ય ?

(૧) ધર્મી જીવ કર્તા અને નિર્મળ અવસ્થા તે તેનું કાર્ય.

(૨) અધર્મી જીવ કર્તા અને વિકારી અવસ્થા તેનું કાર્ય

(૩) જડ-પુદ્ગલ કર્તા અને જડની અવસ્થા તેનું કાર્ય.

(૧) ધર્મી જીવ વિકારીભાવોનો કે શરીરાદિ જડની ક્રિયાનો કર્તા થતો નથી.

(૨) અધર્મી જીવ વિકારનો કર્તા થાય છે અને જડ શરીરાદિની ક્રિયા હું કરું છું—એમ માને છે, પણ જડના કાર્યને તે કરી શકતો નથી.

(૩) શરીરાદિ જડ પદાર્થો આત્માની અવસ્થામાં વિકાર કરાવતાં નથી, તેમ જ ધર્મ પણ કરાવતાં નથી.

આ પ્રમાણે કર્તા-કર્મનું સ્વરૂપ સમજીને, શરીરાદિ જડ પદાર્થના કાર્યનો હું કર્તા—એ માન્યતા છોડવી, તેમ જ ક્ષણિક વિકારનો હું કર્તા ને તે મારું કાર્ય—એવી બુદ્ધિ છોડીને, ત્રિકાળી નિર્વિકાર ચૈતન્યસ્વભાવની દૃષ્ટિથી નિર્મળ અવસ્થારૂપી કાર્ય પ્રગટ કરવું—તેનું નામ ધર્મ છે, ધર્મી જીવ તેનો કર્તા છે.

—પુરુષાર્થ પ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

● યહી આત્મા નિશ્ચયનયસે પરમાત્મા હૈ. વ્યવહારનયસે અનાદિ કર્મોંકે બંધનકે કારણ યહ પરાધીન હોકર દૂસરોંકી જાપ કરતા હૈ પરંતુ જબ યહ નિશ્ચયસે અપને આત્માકો જાને તો યહી પરમાત્મા દેવ હૈં. જો પરમાત્મા જ્ઞાનસ્વરૂપ હૈ વહી મૈં અવિનાશી દેવ હૂઁ, જો મૈં હૂઁ સોહી ઉત્કૃષ્ટ પરમાત્મા હૈ. ઈસ તરહ તૂ નિઃશંક હોકર ભાવના કર. હે જીવ ! જૈસે નિર્મલ સ્ફટિકમણિસે ઉસકે નીચે લગે સબ દાગ ભિન્ન હૈં વૈસે હી ઈસ આત્માકે સ્વભાવસે સર્વ હી શુભ વ અશુભ કર્મકે સ્વભાવ ભિન્ન હૈ ઐસા માન. ૪૨. (શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૨, પાનુ-૨૦૨)

● હે યોગીન્ ! મોક્ષ પ્રાપ્ત કરનેમેં શુદ્ધાત્મા ઔર જિનભગવાનમેં કુછ ભી ભેદ ન સમજો-યહ નિશ્ચય માનો. ૪૪. (શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા-૨૦)

● મેરા આત્મા નિશ્ચયસે અપને હી સ્વભાવમેં રહતા હૈં, મેરા આત્મા હી પરમાત્મારૂપ હૈ. ઈસી ભાવસે રાગકા ક્ષય હો જાતા હૈ તથા વીતરાગ શુદ્ધ કેવલજ્ઞાનમય સ્વભાવ ઝલક જાતા હૈ, ફિર શેષ કર્મોંકો ક્ષય કરકે યહ નિર્વાણ ચલા જાતા હૈ. ૪૫. (શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક-૫૩૩)

● જૈસા કેવલજ્ઞાનાદિ પ્રગટસ્વરૂપ કાર્યસમયસાર ઉપાધિરહિત ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મરૂપ મલસે રહિત કેવલજ્ઞાનાદિ અનંતગુણરૂપ સિદ્ધ પરમેષ્ઠી દેવાધિદેવ પરમ આરાધ્ય મુક્તિમેં રહતા હૈ, વૈસા હી સબ લક્ષણો સહિત પરબ્રહ્મ, શુદ્ધ, બુદ્ધ, એક સ્વભાવ પરમાત્મા, ઉત્કૃષ્ટ શુદ્ધ દ્રવ્યાર્થિકનયકર શક્તિરૂપ પરમાત્મા શરીરમેં તિષ્ઠતા હૈ, ઈસલિયે હે પ્રભાકર ભટ્ટ ! તૂ સિદ્ધ ભગવાનમેં ઔર અપનેમેં ભેદ મત કર. ૪૬. (શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ-૧, ગાથા-૨૬)

● જેમ નેત્ર (દૃશ્ય પદાર્થોને કરતું-ભોગવતું નથી, દેખે જ છે), તેમ જ્ઞાન અકારક તથા અવેદક છે અને બંધ, મોક્ષ, કર્મોદય તથા નિર્જરાને જાણે જ છે. ૪૭.

(શ્રી કુંદકુંદાચાર્ય, સમયસાર, ગાથા-૩૨૦)


● 'શુદ્ધ નિશ્ચયનયથી મુક્તિમાં તેમ જ સંસારમાં તફાવત નથી' આમ જ ખરેખર, તત્ત્વ વિચારતાં (પરમાર્થ વસ્તુસ્વરૂપનો વિચાર અથવા નિરૂપણ કરતાં) શુદ્ધ તત્ત્વના રસિક પુરુષો કહે છે. ૪૮.

(શ્રી પદ્મપ્રભમલધારિદેવ, નિયમસાર-ટીકા, શ્લોક-૭૨)

વર્ષ–૧૮
અંક–૧૦




વિ. સંવત
૨૦૮૦
JUNE
A.D. 2024



# શ્રુત પંચમી અને આપણી ભાવના

જેઠ સુદ ૫ ના રોજ શ્રુતપંચમીનો મહામંગળ દિવસ છે. સત્શ્રુતની આરાધનાવડે આત્મામાં સમ્યક્ શ્રુતજ્ઞાન પ્રગટ કરીને એકાવતારીપણું પ્રગટ કરવું તે જ મંગળ છે.

'શ્રુત' કહેતાં લોકોની દૃષ્ટિ બાહ્યમાં શાસ્ત્રના લખાણ ઉપર જાય છે; શાસ્ત્રના લખાણને આધારે શ્રુતને ટકેલું માને છે; પરંતુ શ્રુત એ તો જ્ઞાન છે અને જ્ઞાન તો આત્માના આધારે છે—એમ અંતરાત્મદૃષ્ટિ કોઈ વિરલા જ કરે છે.

પ્રશ્ન :—ભરતક્ષેત્રમાં અત્યારે કેટલું શ્રુતજ્ઞાન વિદ્યમાન છે ?

ઉત્તર :—ભરતક્ષેત્રમાં વિચરતા સમ્યગ્જ્ઞાની જીવોમાં જે જીવના શ્રુતજ્ઞાનનો ઉઘાડ સર્વથી વધારે હોય તેટલું શ્રુતજ્ઞાન વિદ્યમાન છે અને બાકીનું વિચ્છેદ છે. ભલે શાસ્ત્રમાં શબ્દો લખેલા વિદ્યમાન હોય, પરંતુ જો તેનો આશય સમજનાર કોઈ જીવ વિદ્યમાન ન હોય તો તે વિચ્છેદરૂપ જ છે. એટલે 'શ્રુત' આત્માના આધારે ટકેલું છે, નહિ કે શબ્દોના આધારે.

સમ્યગ્જ્ઞાની જીવો શ્રુતની સાક્ષાત્ મૂર્તિ છે, તેવા જીવોની વાણીની ઉપાસના તે શ્રુતની જ ઉપાસના છે. શ્રુતજ્ઞાની જીવની વાણી તે જ શ્રુતનું સીધું નિમિત્ત છે. સાક્ષાત્ શ્રુતની મૂર્તિ એવા સમ્યગ્જ્ઞાની પુરુષ પાસેથી જ સત્શ્રુતની પ્રાપ્તિ થાય. એક વખત પણ સાક્ષાત્ શ્રુતજ્ઞાની પાસેથી સત્ સાંભળ્યા વગર એકલા શાસ્ત્રમાંથી પોતાની મેળે કોઈ પણ જીવ સત્ સમજી શકે નહિ. જો વર્તમાન તેવા શ્રુતજ્ઞાનીનો સમાગમ ન મળ્યો હોય તો પૂર્વે કરેલા શ્રુતજ્ઞાનીના સમાગમના સંસ્કાર યાદ આવવા જોઈએ. પણ શ્રુતજ્ઞાનીનો

ઉપદેશ સાંભળ્યા વગર કોઈ પણ જીવને સમ્યગ્દર્શન થાય જ નહીં.

શ્રુતજ્ઞાનનું પ્રયોજન શુદ્ધાત્માને જાણવાનું છે; શ્રુતજ્ઞાનવડે જે જીવ પોતાના શુદ્ધાત્માને જાણે છે તેઓને કેવળીભગવાનો 'શ્રુત કેવળી' કહે છે; એમ સમયસારજીમાં કહ્યું છે. કેમ કે બાર અંગ અને ચૌદ પૂર્વનો સાર જે શુદ્ધાત્મા તેને જાણી લીધો તેથી તે (દર્શન અપેક્ષાએ) શ્રુતકેવળી છે. અમુક શાસ્ત્રોને જાણે તે શ્રુતકેવળી—એ વ્યાખ્યા (જ્ઞાન અપેક્ષાએ) છે, પણ બધા શાસ્ત્રોનો સાર શુદ્ધાત્મા છે તેને જાણે તે શ્રુતકેવળી—એ વ્યાખ્યા (દર્શન અપેક્ષાએ) છે. એવા નિશ્ચય-શ્રુતકેવળી આત્માઓ અત્યારે આ ભરતક્ષેત્રમાં વિરલ વિરલ પણ જોવામાં આવે છે. ભરતક્ષેત્રના ભવ્ય જીવોને એવા વિરલા શ્રુતજ્ઞાનીઓ પાસેથી સત્શ્રુતની પ્રાપ્તિ કરવાનું સૌભાગ્ય હજી તપી રહ્યું છે—અને અચ્છિન્નપણે રહેવાનું છે.

ભલે આજે ભરતક્ષેત્રમાં બાર અંગ-ચૌદ પૂર્વના જ્ઞાતા વિદ્યમાન નથી, તોપણ બાર અંગ અને ચૌદપૂર્વનું એકમાત્ર પ્રયોજન જે શુદ્ધાત્માનું જ્ઞાન તેના ધારક શ્રુતજ્ઞાનીઓ તો આજે પણ વિદ્યમાન છે. એ શ્રુતવડે એકાવતારી આજે પણ થઈ શકાય છે. બાર અંગ ચૌદ પૂર્વના જ્ઞાતાઓને જેવું શુદ્ધાત્માનું જ્ઞાન હતું તેવું જ શુદ્ધાત્માનું જ્ઞાન આજે પણ શ્રુતજ્ઞાનીઓને છે અને પ્રગટ થઈ શકે છે.—એ સ્વાત્માના શ્રુતજ્ઞાનની અપેક્ષાએ એ બંનેમાં કાંઈ ફેર નથી. બાર અંગ ચૌદ પૂર્વના જ્ઞાતા શ્રુતજ્ઞાનીઓ જેવા શુદ્ધાત્માને જાણતા હતા, તેવા જ શુદ્ધાત્માનું જ્ઞાન આજે પણ થઈ શકે છે. માટે ભવ્ય જીવો અંતરંગમાં પ્રમોદ કરો કે આજે પણ સત્શ્રુત જયવંત વર્તે છે !

—આ થઈ નિશ્ચય શ્રુતની વાત. નિશ્ચય શ્રુત એટલે શ્રુતજ્ઞાન વડે શુદ્ધાત્માનું જ્ઞાન, એ શુદ્ધાત્માનું જ્ઞાન તો પંચમકાળના છેડા સુધી અવિચ્છિન્નપણે રહેવાનું છે, તેનો જરા પણ વિચ્છેદ નથી.

હવે વ્યવહાર શ્રુતજ્ઞાન અપેક્ષાએ જોઈએ તો અત્યારે શ્રુતનો ઘણો મોટો ભાગ વિચ્છેદ થઈ ગયો છે અને તેનો અંશ વિદ્યમાન છે. આજ બાર અંગ ચૌદ પૂર્વના જ્ઞાતા તો નથી પણ એક અંગના પણ પૂર્ણપણે જ્ઞાતા નથી...છતાં—આજે આપણી પાસે શ્રુતનો જે નાનકડો અંશ વિદ્યમાન છે તે સર્વ પરંપરાથી અવિચ્છિન્નપણે આવેલો હોવાથી તેનું બિંદુ પણ સિંધુનું કાર્ય કરે છે.

આજે જે પવિત્ર સત્શ્રુત વિદ્યમાન છે તેમાં 'શ્રીષટ્ખંડાગમ' સૌથી પ્રાચીન અને સર્વજ્ઞ પરંપરાથી ચાલી આવેલા છે. આપણા સૌરાષ્ટ્ર દેશમાં ગિરનાર પર્વતની ચંદ્ર ગુફામાં એક મહામુનિ ધરસેનાચાર્ય ધ્યાન કરતા હતા. તેઓ અંગો અને પૂર્વોના

એકદેશના જ્ઞાતા હતા. તેઓ મહા વિદ્વાન અને શ્રુતવત્સલ હતા. એક વાર તેઓશ્રીને એવો ભય ઉત્પન્ન થયો કે હવે અંગ-શ્રુત વિચ્છેદ થઈ જશે...આથી તેઓને વિકલ્પ ઉઠ્યો કે શ્રુતજ્ઞાન અવિચ્છિન્નપણે જયવંત રહે !...અને શ્રુતનું અવિચ્છિન્નપણે વહન કરી શકે એવા પુષ્પદંત આચાર્ય અને ભૂતબલિ આચાર્ય એ બે સમર્થ મુનિરાજો ધરસેનાચાર્ય પાસે આવ્યા, તેઓને આચાર્યદેવ પાસેથી જે શ્રુત મળ્યું તે તેઓએ પુસ્તકારૂઢ કર્યું, અને લગભગ ૨૦૦૦ વર્ષ પહેલાં જેઠ સુદ ૫ ના રોજ એ પુસ્તક (ષટ્ખંડાગમ) ની શ્રી ભૂતબલિ આચાર્યદેવે ચતુર્વિધ સંઘ સહિત પૂજા કરી હતી. ત્યારથી તે તિથિએ શ્રુતની પૂજા અને મહોત્સવ ઊજવાય છે અને તે દિવસ શ્રુતપંચમી તરીકે પ્રસિદ્ધ છે. જૈનશાસનમાં પ્રથમ લખાણરૂપે ષટ્ખંડાગમ લખાયા છે. આચાર્ય ભગવંતોની પરમ કૃપાથી એ પવિત્ર શ્રુતનો લાભ આજે પણ આપણને મળે છે.

ત્યારપછી અધ્યાત્મ શાસ્ત્રો રચાયાં. આજથી લગભગ ૨૦૦૦ વર્ષ પહેલા મહા સમર્થ આચાર્ય ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે સમયસાર વગેરે પરમ અધ્યાત્મ શાસ્ત્રોની રચના કરી તેમાં સર્વજ્ઞદેવોની દિવ્યવાણીનું રહસ્ય સમાવી દીધું અને એ અપૂર્વ શ્રુતની પ્રતિષ્ઠા વડે તેઓશ્રીએ બાર અંગ અને ચૌદ પૂર્વના વિચ્છેદને ભૂલાવી દીધો.


આ રીતે, જેમ નિશ્ચય શ્રુતજ્ઞાન આજે અવિચ્છિન્નપણે વર્તે છે તેમ, વ્યવહાર શ્રુત (દ્રવ્યશ્રુત) પણ અવિચ્છિન્નપણે વર્તી રહ્યું છે. પરંતુ—આજે આપણી પાસે વિપુલ શ્રુત ભંડાર શાસ્ત્રરૂપે વિદ્યમાન હોવા છતાં,—તેનો અંતરંગ મર્મ તો શ્રુતજ્ઞાની પુરુષોના હૃદયમાં ભરેલો છે. એકાવતારી જ્ઞાની પુરુષ શ્રીમદ્ રાજચંદ્રજી કહી ગયા છે કે શાસ્ત્રમાં માર્ગ કહ્યો છે, પણ તેનો મર્મ જ્ઞાનીને સોંપ્યો છે એટલે કે એકલા શાસ્ત્ર વાંચીને તેનો મર્મ નહિ સમજાય. પણ જ્ઞાનીના સમાગમે શાસ્ત્રનો મર્મ સમજાશે અને સત્શ્રુતની પ્રાપ્તિ થશે.

णवी होदि अप्पमत्तो ण पमत्तो जाणओ दु जो भावो ।
एवं भणंति सुद्धं णाओ जो सो उ सो चेव ।।६।।

સત્શ્રુતના આ એક જ સૂત્રમાં ભરેલા બાર અંગ અને ચૌદ પૂર્વના મૂળભૂત રહસ્યોને તો સાક્ષાત્ શ્રુતમૂર્તિ જ્ઞાનીઓ જ પ્રગટ કરી શકે. આજે એવા શ્રુતમૂર્તિ સદ્ગુરુદેવ પાસેથી આપણને એ શ્રુતનું રહસ્ય મળી રહ્યું છે તે આપણું પરમ સૌભાગ્ય છે...એવા શ્રુતમૂર્તિની ઉપાસના વડે આપણને સત્શ્રુતની શીઘ્ર પ્રાપ્તિ થાવ... અને... આત્મ હિતકારી સત્શ્રુત સદાય જયવંત રહીને જગતનું કલ્યાણ કરો—એ જ મંગળ ભાવના !!!



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




(સમયસાર ગાથા—૩૨૦ જયસેનાચાર્ય ટીકા ઉપર પ્રવચન) (ગતાંકથી આગળ)

## બંધ-મોક્ષના કારણને કે પરિણામને ન કરે તે જીવ

જિનવરદેવ એમ કહે છે કે બંધને મોક્ષના કારણને પરિણામને નિશ્ચય જીવ કરતો નથી. પરમાર્થે નિશ્ચય જીવ કેવળજ્ઞાન થાય તેમાં ઊપજતો નથી ને વ્યય થાય તેમાં તે આવતો નથી, મનુષ્યગતિપણે ઉત્પાદ ને દેવગતિનો વ્યય તથા દેવગતિનો ઉત્પાદ ને મનુષ્યગતિનો વ્યય એ બંનેમાં ભગવાન આત્મા આવતો નથી, એ તો નિજાનંદ ધ્રુવ પ્રભુ છે.

શ્રી યોગીન્દ્રદેવ તેના શિષ્યને કહે છે કે હે યોગી ! અર્થાત્ સ્વરૂપની પર્યાયને દ્રવ્યસન્મુખમાં જોડેલી છે એવા હે યોગી ! જિનવરદેવ એમ કહે છે કે બંધ ને મોક્ષના પરિણામમાં ધ્રુવ-જીવ આવતો નથી. એ ધ્રુવ તો સમ્યગ્દર્શનનો વિષય છે. સર્વજ્ઞ પરમેશ્વર કહે છે કે જે નિશ્ચય આત્મા છે તેની અપેક્ષાએ પર્યાય તે વ્યવહાર આત્મા છે. ત્રિકાળની અપેક્ષાએ પર્યાય એક સમયની હોવાથી તેને ગૌણ કરીને અસત્ કહેવામાં આવી છે. અને ત્રિકાળી ચીજને સત્યાર્થ-ભૂતાર્થ કહેવામાં આવી છે.

હજુ તેને વધુ સ્પષ્ટ કરે છે કે ત્રિકાળી દ્રવ્યના લક્ષે જે અનંતકાળમાં થયું નથી એવું અપૂર્વ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર થયું તે એકદેશશુદ્ધનયાશ્રિત અને કેવળજ્ઞાન છે તે સર્વદેશશુદ્ધનયાશ્રિત છે. વીતરાગી દશા છે તે એકદેશશુદ્ધનયાશ્રિત ભાવના છે, તે એકદેશ શુદ્ધિનો અંશ છે. પૂર્ણ શુદ્ધિ નથી, પૂર્ણ શુદ્ધિ તો કેવળીને હોય છે.

જીવ કે જેને નિશ્ચય આત્મા કહીએ, એક સમયની પર્યાય વિનાનો ત્રિકાળી દ્રવ્ય-સ્વભાવ જેને કહીએ તે સિદ્ધની પર્યાયપણે પણ ઊપજતો નથી ને મનુષ્ય આદિ ગતિની પર્યાયનો વ્યય થાય તેમાં પણ તે આવતો નથી. સમ્યગ્દર્શનનો વિષય ત્રિકાળી ધ્રુવ ચીજ તે અહીં સિદ્ધ કરવી છે.

| | |
|---|---|
| મારો સુશાશ્વત એક દર્શનજ્ઞાનલક્ષણ જીવ છે;<br>બાકી બધા સંયોગલક્ષણ ભાવ મુજથી બાહ્ય છે. ૧૦૨. | પરમાગમ<br>શ્રી નિયમસાર |

આત્મા ત્રિકાળી ધ્રુવ ચીજ છે. તેની પ્રાપ્તિ પર્યાયમાં થાય છે, એ પર્યાય ધ્રુવમાં નથી. એ પર્યાય એટલે વીતરાગી સહજાનંદ સુખાનુભૂતિલક્ષણ સ્વસંવેદનજ્ઞાન તેનાથી આત્મા જણાય એવો છે. ધ્રુવથી ધ્રુવ ન જણાય કારણ કે જાણવાની પર્યાયનો તો ધ્રુવમાં અભાવ છે. એવો ધ્રુવ છે તે ઊપજતો નથી, મરતો નથી, બંધ-મોક્ષ કરતો નથી, તેને આત્મા કહે છે. નિશ્ચય આત્મા કે જે એક સમયની પર્યાય વિનાનો છે તે બંધ-મોક્ષને કરતો નથી.

## સુખાનુભૂતિલક્ષણ સ્વસંવેદનજ્ઞાનમય ઉપશમ આદિ ભાવો

વળી તે સ્પષ્ટ કરવામાં આવે છે : વિવક્ષિત-એકદેશ-શુદ્ધનયાશ્રિત આ ભાવના (અર્થાત્ કહેવા ધારેલી આંશિક શુદ્ધિરૂપ આ પરિણતિ) નિર્વિકાર-સ્વસંવેદનલક્ષણ ક્ષાયોપશમિકજ્ઞાનરૂપ હોવાથી જો કે એકદેશ વ્યક્તિરૂપ છે તોપણ ધ્યાતા પુરુષ એમ ભાવે છે કે 'જે સકલનિરાવરણ-અખંડ-એક-પ્રત્યક્ષપ્રતિભાસમય-અવિનશ્વર-શુદ્ધપારિણામિક-ભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું', પરંતુ એમ ભાવતો નથી કે 'ખંડજ્ઞાનરૂપ હું છું.'—આમ ભાવાર્થ છે.

આ વ્યાખ્યાન પરસ્પર સાપેક્ષ એવાં આગમ-અધ્યાત્મના તેમ જ નયદ્વયના (દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનયના) અભિપ્રાયના અવિરોધપૂર્વક જ કહેવામાં આવ્યું હોવાથી સિદ્ધ છે (-નિર્બાધ) એમ વિવેકીઓએ જાણવું. —ગુજરાતી ટીકા.

વળી તે સ્પષ્ટ કહે છે કે વિવક્ષિત—કહેવામાં આવેલું જે એકદેશ-એકભાગ શુદ્ધનયાશ્રિત એવી ભાવના એટલે કે પરમાનંદસ્વરૂપ ત્રિકાળીને પ્રાપ્ત કરનારી આ પર્યાય કે જેમાં ધ્રુવ વસ્તુ જાણવામાં આવે છે. તે પર્યાય કેવી છે ?—કે વીતરાગી આનંદના લક્ષણવાળી સ્વસંવેદનદશા તે એકદેશશુદ્ધનયાશ્રિત ભાવનારૂપ દશા છે. કહેવા માગેલી આ આંશિક નિર્મળ પરિણતિ કે જે પ્રગટ પર્યાય છે તે એકદેશશુદ્ધનયાશ્રિત ભાવના છે. તે ભાવના કે જે મોક્ષનો માર્ગ છે તેમાં જ્ઞાન કેવું છે ?—કે નિર્વિકાર-સ્વસંવેગનલક્ષણવાળું ક્ષયોપશમજ્ઞાન છે. મોક્ષમાર્ગની પર્યાય ઉપશમ-ક્ષયોપશમ-ક્ષાયિક એ ત્રણ ભાવ છે પણ તેમાં જ્ઞાન કેવું છે ?—કે તેમાં ઉપશમજ્ઞાન-ક્ષયોપશમજ્ઞાન-ક્ષાયિકજ્ઞાન છે એમ નથી પણ એ ત્રણભાવોમાં જે જ્ઞાન છે તે નિર્વિકાર-સ્વસંવેદન લક્ષણવાળું ક્ષયોપશમજ્ઞાન છે.

ત્રણ ભાવમાં ક્ષયોપશમજ્ઞાન છે અને તે નિર્વિકારી આનંદરૂપ સ્વસંવેદન

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૩ ઉપર)

**જે કાંઈ પણ દુશ્ચરિત મુજ તે સર્વ હું ત્રિવિધે તજું;**
**કરું છું નિરાકાર જ સમસ્ત ચરિત્ર જે ત્રયવિધનું. ૧૦૩.**

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૩૪, ગાથા - ૨૯)

**પરની મમતા છોડીને સ્વમાં સમતા કરવાનો અભ્યાસ કર !**

શ્રી પૂજ્યપાદસ્વામી રચિત ઈષ્ટોપદેશ શાસ્ત્ર ચાલે છે. તેમાં ૨૯મી ગાથા ચાલે છે.

હું એક, શુદ્ધ, ધ્રુવ, અજર-અમર, અનાદિ-અનંત એક જીવવસ્તુ છું એવી દૃષ્ટિ રાખવાવાળા સમ્યગ્દષ્ટિ પોતાનું મરણ કે રોગાદિ કદી માનતા નથી.

જ્ઞાની એમ વિચારે છે કે અનંત જ્ઞાન-દર્શનથી ભરેલો હું એક છું, મારી ચીજ પરના મમત્વથી રહિત છે. શરીરની ક્રિયાઓ કે શુભાશુભભાવની ક્રિયાથી હું જુદો છું. હું જ્ઞાયક, ચિદાનંદ પ્રભુ એક સમયમાં અનંતી શક્તિ સહિત શુદ્ધ છું.

વળી જ્ઞાની વિચારે છે કે હું અનાદિ-અનંત અમર છું. મારા સ્વરૂપનું કદી મૃત્યુ થતું નથી. આનંદઘનજી કહે છે કે :

અબ હમ અમર ભયે ન મરેંગે

યા કારન મિથ્યાત્વ દિયો તજ, ક્યોં કર દેહ ધરેંગે

અબ હમ અમર ભયે ન મરેંગે.... (૨).

જ્ઞાનીએ શરીર, વિકલ્પ, પુણ્ય-પાપ આદિ મારા છે એવા વિપરીત અભિનિવેશરૂપ મિથ્યાત્વનો ત્યાગ કર્યો પછી તેને દેહ ક્યાંથી હોય ? દેહનો જન્મ એ તો સંયોગી ચીજ છે. જીવના સ્વરૂપમાં દેહ ધરવાપણું છે જ નહિ. હું તો શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ નિત્ય વસ્તુ છું. એવી જ્ઞાનીને શ્રદ્ધા હોવાથી મરણભય છૂટી ગયો છે.

પાંચ ઈન્દ્રિયપ્રાણ, શ્વાસોચ્છ્‌વાસ પ્રાણ, આયુષ્યપ્રાણ, શરીરપ્રાણ એ બધા જડના પ્રાણ છે. એ મારા પ્રાણ નહિ. મારા પ્રાણ તો જ્ઞાન, આનંદ, શાંતિ અને સત્તા છે. હું તો અનાદિ અનંત જીવતર શક્તિથી જીવવાવાળો-જીવત્વશક્તિસંપન્ન ભગવાન છું. મારા પ્રાણોનો નાશ કદી થતો નથી અને જડ પ્રાણો મારા છે નહિ. તો તેના નાશથી મારો નાશ કેમ થાય ? ન થાય.

**સૌ ભૂતમાં સમતા મને, કો સાથ વેર મને નહીં;**
**આશા ખરેખર છોડીને પ્રાપ્તિ કરું છું સમાધિની. ૧૦૪.**

જ્ઞાની કહે છે કે મારું પ્રાણત્યાગરૂપ મરણ કદી થતું નથી કેમકે ચિત્શક્તિરૂપ મારા ભાવપ્રાણનો વિચ્છેદ કદી થતો નથી. હું તો જ્ઞાન-દર્શન આદિ અનંત શક્તિસંપન્ન છું તેનો મારાથી કદી વિચ્છેદ થતો નથી. આમ, જ્યાં મારું મરણ જ નથી તો પછી મને કોનો ભય ? ''દુનિયાને મરણ તણી બીક છે પણ જ્ઞાનીને તો આનંદની લ્હેર છે'' મરણ પહેલાં જ જેણે દેહ અને આત્માની જુદાઈ જાણી લીધી તેને મરણનો ભય કેવો ? શરીરનો તો સંયોગ છે, તેનો વિયોગ થાય છે, તેનાથી કાંઈ મારું જન્મ-મરણ નથી.

આમ, ધર્મી પોતાના ચૈતન્યસ્વભાવને જન્મ-મરણ રહિત અસંગ જાણે છે અને અનુભવે છે. તો પછી જ્ઞાનીને મરણના કારણરૂપ કાળા નાગ આદિનો ભય કેમ હોય ? સિંહ-વાઘ આદિ આવે તો ભલે આવે. તે કોને ખાશે ? હું તો અરૂપી છું, મારું ભક્ષણ કરવાવાળું તો જગતમાં કોઈ નથી. મારી શાશ્વત વસ્તુનો ખંડ, છેદ કે ભંગ કદી ત્રણ કાળમાં થતો નથી, તો મારે કોનો ભય ? શ્રીમદ્જી કહે છે ને કે :

એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ-સિંહ સંયોગ જો;
અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો,
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?

શ્રીમદ્ રાજચંદ્ર ગૃહસ્થાશ્રમમાં હતા છતાં આવી ભાવના ભાવતા હતા. લાખો રૂપિયાનો મોતીનો વેપાર હતો. ૭ વર્ષે જાતિસ્મરણ જ્ઞાન થયેલું. પછી સમ્યગ્જ્ઞાન થયું ને ૩૩ વર્ષે તો દેહ છૂટી ગયો. તેમણે આ ભાવના ભાવી છે.

જેણે દેહથી ભિન્ન ચૈતન્યનો ધ્રુવ-તારો અંતરમાં જોઈ લીધો છે, જાણી લીધો છે, અનુભવી લીધો છે એવા ધર્મીને મૃત્યુનો ડર કદી હોતો નથી. ધર્મીને અભિપ્રાયમાં દૃઢ થઈ ગયું છે કે હું તો જ્ઞાન-દર્શનાદિ અનંત ચૈતન્યપ્રાણથી જીવનારો છું. મારા ચૈતન્યમાં વિકલ્પ કે રાગનો પણ પ્રવેશ નથી તો બીજો તો કોણ મને ખાઈ જશે કે મારી નાખશે ? ધર્મીને અંતરમાં આવો નીડરભાવ હોય છે.

ધર્મીને મૃત્યુભય નથી તેમ રોગભય પણ નથી. વાત-પિત્ત-કફ આદિ રોગોથી ધર્મી ડરતા નથી. કેમકે તે જાણે છે કે મારામાં પુદ્ગલ પર્યાયની વ્યાધિનો અત્યંત અભાવ છે.

**અકષાય, ઉદ્યમી, દાન્ત છે, સંસારથી ભયભીત છે,**
**શૂરવીર છે, તે જીવને પચખાણ સુખમય હોય છે. ૧૦૫.**

સ્વભાવનો સંગ કરવાથી એટલે શુદ્ધ ચૈતન્યભાવનું લક્ષ કરવાથી પર્યાયમાં શાંતિ અને આનંદ મળે છે અને જેટલો પરસંગ છે—પરલક્ષ છે તેટલી આકુળતાના દુઃખ સમૂહને ભોગવવો પડે છે. તે આત્માનો રોગ છે. અરે ! જગતને પરસંયોગમાં કેમ આનંદ આવતો હશે ! ધર્મી તો આત્મામાં આનંદ માને છે, બહારમાં ક્યાંય આનંદ માનતા નથી. ભલે ને લાખ કરોડ રૂપિયા હોય તોપણ ધૂળ છે. જ્યાં શરીર જ ધૂળ છે તો ધન તો ધૂળ જ છે તેમાં આનંદ કેવો ?

ગરમીમાં પિત્ત બહુ થાય ને ! લોકો મુંઝાય, પણ પ્રભુ ! તારા સ્વરૂપની શાંતિમાં આ પિત્તનો પ્રકોપ ક્યાંથી આવ્યો ? હું તો શાંતિનો સાગર છું એવી દૃષ્ટિવાળા ધર્મી મને પિત્ત થયું એમ માનતા નથી. જડની કોઈપણ પર્યાયને ધર્મી પોતાની માનતા નથી તો તેનું મને દુઃખ છે એમ કેમ માને ? તેથી કેન્સર, ભગંદર, કંઠમાળ, હેમરેજ, ક્ષય આદિ કોઈ પણ રોગને ધર્મી પોતાનો માનતા નથી. રોગનો સંબંધ તો શરીરના રજકણ સાથે છે, આત્મા સાથે તેનો સંબંધ નથી.

ભગવાન આત્મા ત્રણેકાળ સર્વ પરદ્રવ્યથી નિરાળો, પુણ્ય-પાપ અને રાગથી પણ નિરાળો છે એવી દૃષ્ટિ થયા વગર કદી જન્મ-મરણનો નિવેડો આવે તેમ નથી.

સાતમી નરકના નારકીને જન્મથી ૧૬ મોટા રોગ હોય છે, પીડાનો પાર ન હોય, તેની વચ્ચે પણ પૂર્વે સાંભળેલી વાત ''ભગવાન ! તું શાંતિનો સાગર છો, પરદ્રવ્ય પરભાવથી નિરાળો છો'' યાદ આવી જતાં જેમ વીજળી તાંબાના તારમાં સોંસરવી ઊતરી જાય તેમ નરકની આટલી પીડા વચ્ચે પણ સ્વભાવની દૃષ્ટિ થતાં વીર્ય અંતરમાં સોંસરવું ઊતરી જઈને આનંદનો અનુભવ થાય છે. અહીં તો અજ્ઞાની થોડી પીડામાં પણ રાડેરાડ બોલાવે છે તેને મુનિરાજ કહે છે કે અરે ભગવાન ! સાતમી નરકમાં પણ આત્માનો અનુભવ કરી શકે છે તો તારે તો કાંઈ દુઃખ નથી તો તું કેમ આત્માનો અનુભવ ન કરી શકે ?

ધર્મી પોતાને બાળ, યુવાન, વૃદ્ધાવસ્થાથી રહિત જાણે છે. બાળાદિ અવસ્થા નથી એમ નથી પણ તે જડ પુદ્‌ગલની અવસ્થા છે. મારો ચૈતન્ય તેનાથી નિરાળો છે. તો તે અવસ્થાથી મને પીડા અને દુઃખ કેમ થાય ? જડની વૃદ્ધાવસ્થાથી મને દુઃખ થતું નથી. શરીરની વૃદ્ધાવસ્થાથી હું વૃદ્ધ નથી. જ્ઞાનની વૃદ્ધિથી હું વૃદ્ધ છું. ભલે ૮ વર્ષના બાળકને કેવળજ્ઞાન થઈ જાય તોપણ તે જ્ઞાનમાં વૃદ્ધ છે. (ક્રમશઃ) ❊

**જીવ-કર્મ કેરા ભેદનો અભ્યાસ જે નિત્યે કરે,**
**તે સંયમી પચખાણ-ધારણમાં અવશ્ય સમર્થ છે. ૧૦૬.**



# અધ્યાત્મ સંદેશ

(રહસ્યપૂર્ણ ચિઠ્ઠી ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

## સાધકને નિશ્ચય–સમ્યક્ત્વ સદૈવ હોય છે

"હવે સ્વાનુભવદશા વિષે પ્રત્યક્ષ–પરોક્ષાદિક પ્રશ્નોના ઉત્તર બુદ્ધિ અનુસાર લખું છું. તેમાં પ્રથમ જ સ્વાનુભવનું સ્વરૂપ જાણવા અર્થે લખું છું. જીવપદાર્થ અનાદિથી મિથ્યાદૃષ્ટિ છે; સ્વ-પરના યથાર્થ રૂપથી વિપરીત શ્રદ્ધાનનું નામ મિથ્યાત્વ છે. વળી જે કાળે કોઈ જીવને દર્શનમોહના ઉપશમ–ક્ષયોપશમથી સ્વ-પરના યથાર્થ શ્રદ્ધાનરૂપે તત્ત્વાર્થશ્રદ્ધાન થાય ત્યારે તે જીવ સમ્યક્ત્વી થાય છે. માટે સ્વ-પરના યથાર્થ શ્રદ્ધાનમાં શુદ્ધાત્મશ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ ગર્ભિત છે." (મો. મા. પ્ર. પાનું-૩૪૩)

જુઓ, પહેલાં તો સમ્યક્ત્વનું સ્વરૂપ બતાવે છે, પછી સમ્યગ્જ્ઞાનની તેમ જ સ્વાનુભવ વગેરેની ચર્ચા કરશે. આ તો લોકોત્તર ચિઠ્ઠી છે, એટલે આમાં કાંઈ વેપારધંધાની કે ઘરકુટુંબની વાત ન હોય, આમાં તો સ્વાનુભવ વગેરેની લોકોત્તર ચર્ચા ભરેલી છે. એના ભાવ સમજે એને એની કિંમત સમજાય. જેમ કોઈ એક શાહુકાર વેપારી બીજા શાહુકાર ઉપર ખુલ્લા પોસ્ટકાર્ડમાં ચિઠ્ઠિ લખે કે 'બજારભાવ કરતાં જરાક ઊંચા ભાવે પણ એક લાખ ગાંસડી રૂ ખરીદ કરો.' જુઓ, આ દોઢ લીટીના લખાણમાં તો કેટલી વાત આવી જાય છે! સામસામા બંને વેપારીઓનો એકબીજા ઉપરનો વિશ્વાસ, હિંમત, શાહુકારી, વેપારસંબંધીનું જ્ઞાન–એ બધુંય દોઢ લીટીમાં ભર્યું છે. તેના જાણકારને એની ખબર પડે, અભણને ખબર શું પડે? તેમ સર્વજ્ઞ ભગવાને શાસ્ત્રરૂપી ચિઠ્ઠીમાં સન્તો ઉપર ધર્મનો સન્દેશ લખ્યો છે, તેમાં સ્વાનુભવનાં ને સ્વ–પરની ભિન્નતા વગેરેનાં અનેક ગંભીર રહસ્યો ભર્યાં છે. તે ઉપરથી તેમની સર્વજ્ઞતા, વીતરાગતા તેમજ ઝીલનારની તાકાત–એ બધું ખ્યાલમાં આવી જાય છે. ભગવાનના શાસ્ત્રમાં ભરેલા ગૂઢ ભાવોને જ્ઞાની જ જાણે છે. અજ્ઞાનીને એના રહસ્યની ખબર પડે નહિ, ને રહસ્ય જાણ્યા વગર એનો ખરો મહિમા આવે નહિ.

અહીં સાધર્મી ઉપર ચિઠ્ઠી લખતાં સ્વાનુભવની ચર્ચામાં પહેલી જ સમ્યગ્દર્શનની

**તે શ્રમણને આલોચના, જે શ્રમણ ધ્યાવે આત્મને,**
**નોકર્મકર્મ-વિભાવગુણપર્યાયથી વ્યતિરિક્તને. ૧૦૭.**

વાત કરી છે. સમ્યગ્દર્શન વગર સ્વાનુભવ હોતો નથી. સ્વાનુભવપૂર્વક જ સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થાય છે. સ્વાનુભવ એ એક દશા છે, તે દશા જીવને અનાદિથી નથી હોતી પણ નવી પ્રગટે છે. એ સ્વાનુભવદશાનો ઘણો મહિમા શાસ્ત્રોએ વર્ણવ્યો છે; સ્વાનુભવ એ મોક્ષમાર્ગ છે. સ્વાનુભવમાં જે આનંદ છે એવો આનંદ જગતમાં બીજે ક્યાંય નથી. આવી સ્વાનુભવદશાનું સ્વરૂપ અહીં કહેશે.

આ જગતમાં અનંત જીવો છે; દરેક જીવ ચૈતન્યમય છે, પરિપૂર્ણ જ્ઞાન ને સુખ દરેક જીવના સ્વભાવમાં ભરેલા છે. પણ આવા પોતાના સ્વરૂપને પોતે દેખતો નથી–અનુભવતો નથી તેથી અનાદિથી તે મિથ્યાદૃષ્ટિ છે. અનાદિથી પોતાના સાચા સ્વરૂપને ભૂલીને પરભાવોમાં જ તન્મય થઈ રહ્યો છે, સ્વ–પરની જેવી ભિન્નતા છે તેવી યથાર્થ જાણતો નથી ને વિપરીત માને છે, એટલે પરથી મારામાં કંઈક થાય ને હું પરમાં કાંઈક કરી દઉં–એવી ઊંડી ઊંડી સ્વ–પરની એકત્વબુદ્ધિ તેને રહ્યા કરે છે, એવી વિપરીત શ્રદ્ધાનું નામ મિથ્યાત્વ છે. જુઓ, આ વિપરીત માન્યતા જીવ પોતે જ પોતાના સ્વરૂપને ભૂલીને કરી રહ્યો છે, એકેક સમય કરતાં કરતાં અનાદિકાળથી પોતે જ પોતાના અજ્ઞાનને લીધે મિથ્યાભાવરૂપ પરિણમી રહ્યો છે, કોઈ બીજાએ તેને મિથ્યાત્વ કરાવ્યું નથી. મિથ્યાત્વકર્મે જીવમાં મિથ્યાત્વ કરાવ્યું, એમ જે માને તેને સ્વ-પરની એકત્વબુદ્ધિ છે. પૂજનની જયમાલામાં પણ આવે છે કે ‘કર્મબિચારે કૌન, ભૂલ મેરી અધિકાઈ’ પ્રભો! હું મારી ભૂલની અધિકતાથી જ દુઃખ ભોગવી રહ્યો છું. નિગોદનો જે જીવ અનાદિથી નિગોદમાં રહ્યો છે તે પણ પોતાના ભાવકલંકની અત્યંત પ્રચૂરતાને લીધે જ નિગોદમાં રહ્યો છે : भावकलंकसुपउरा निगोयवासं ण मुंचई–ગોમટ્ટસાર જીવકાંડ : ભાઈ, તારી ભૂલ તું જડને માથે નાંખ તો એ ભૂલથી તારો છુટકારો ક્યે દી’ થશે? જીવ અને જડ બંને દ્રવ્ય જ જ્યાં અત્યંત જુદાં, બંનેની જાતિ જ જુદી, બંનેનું પરિણમન જુદું, ત્યાં એકબીજામાં શું કરે? પણ આવી વસ્તુસ્થિતિને નહિ જાણનાર જીવને સ્વ–પરની એકત્વબુદ્ધિનો અથવા કર્તાકર્મની બુદ્ધિનો ભ્રમ અનાદિથી ચાલ્યો આવે છે, એ જ મિથ્યાત્વ છે ને એ જ સંસારદુઃખનું મૂળ છે. અહીં તો હવે એ ભ્રમરૂપ મિથ્યાત્વ કેમ ટળે એની વાત છે.

કોઈ મુમુક્ષુ જીવ જ્યારે અંતરના પુરુષાર્થથી સ્વ–પરના યથાર્થ શ્રદ્ધાનરૂપ તત્ત્વાર્થશ્રદ્ધાન કરે ત્યારે તે જીવ સમ્યક્ત્વી થાય છે. સ્વ શું, પર શું, સ્વમાં આત્માનો

આલોચનાનું રૂપ ચઉવિધ વર્ણવ્યું છે શાસ્ત્રમાં,
—આલોચના, આલુંછના, અવિકૃતિકરણ ને શુદ્ધતા. ૧૦૮.

શુદ્ધ સ્વભાવ શું ને રાગાદિ પરભાવ શું—એ બધાને ભેદજ્ઞાનથી બરાબર ઓળખીને પ્રતીત કરતાં સમ્યક્ત્વ થાય છે. સ્વ—પરના આવા યથાર્થ શ્રદ્ધાનમાં શુદ્ધાત્મશ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ ગર્ભિત છે. જુઓ, આ મૂળ વાત! સ્વ—પરની શ્રદ્ધામાં કે દેવ—ગુરુ—શાસ્ત્રની શ્રદ્ધારૂપ વ્યવહાર સમ્યક્ત્વ વખતે નિશ્ચય સમ્યક્ત્વ તો ભેગું ને ભેગું જ છે. કોઈ કહે કે નિશ્ચય સમ્યક્ત્વ ચોથા ગુણસ્થાને ન હોય. તો કહે છે કે ભાઈ, જો નિશ્ચય સમકિત ભેગું ને ભેગું જ ન હોય તો તારા માનેલા એકલા વ્યવહારને શાસ્ત્રકારો સમ્યક્ત્વ કહેતા જ નથી. જેને શ્રદ્ધાત્મશ્રદ્ધાનરૂપ નિશ્ચય સમકિત નથી તે જીવ સમ્યક્ત્વી જ નથી, તે તો મિથ્યાત્વી જ છે. શુદ્ધાત્માના શ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ થાય ત્યારે જ જીવને ચોથું ગુણસ્થાન પ્રગટે ને ત્યારે જ તેને સમકિતી કહેવાય. માટે કહે છે કે સમ્યગ્દૃષ્ટિ જીવને સ્વ—પરના યથાર્થ શ્રદ્ધાનમાં શુદ્ધાત્મશ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ ગર્ભિત છે. 'ગર્ભિત છે' એનો અર્થ એની સાથે જ વર્તે છે. અને આવા જીવને નિમિત્તપણે દર્શનમોહકર્મનો ઉપશમ ક્ષયોપશમ કે ક્ષય સ્વયમેવ હોય છે. એટલે કથનમાં નિમિત્તથી એમ પણ કહેવાય કે દર્શનમોહના ઉપશમાદિથી સમ્યક્ત્વ થયું. પણ ખરેખર તો સ્વ—પરના યથાર્થ શ્રદ્ધાનનો પ્રયત્ન જીવે કર્યો ત્યારે સમ્યક્ત્વ થયું; જીવ યથાર્થ શ્રદ્ધાનનો ઉદ્યમ ન કરે ને કર્મમાં ઉપશમાદિ થઈ જાય એમ બનતું નથી. આ ઉપરાંત અહીં તો એ બતાવવું છે કે સ્વ—પરની શ્રદ્ધામાં શુદ્ધાત્માની શ્રદ્ધા આવી જ જાય છે. શુદ્ધાત્માની શ્રદ્ધા તે નિશ્ચય સમ્યક્ત્વ છે, તે હોય તો જ સ્વ—પરની કે દેવ—ગુરુ—ધર્મની શ્રદ્ધાને સાચી શ્રદ્ધા કહેવાય છે. નિશ્ચય વગરના એકલા શુભરાગરૂપ વ્યવહારથી જીવ સમકિતી કહેવાતો નથી. નિશ્ચયસમ્યક્ત્વ થાય તેને જ સમકિતી કહીએ છીએ. એ જ વાત હવે કહે છે. (ક્રમશઃ) ❊

---

(અનુસંધાન પેજ નં. ૭ થી ચાલુ) (સમયસાર પ્રવચન)

લક્ષણવાળું છે. સમ્યગ્દર્શનમાં ક્ષયોપશમજ્ઞાન છે તે કેવું છે?—કે નિર્વિકાર-સ્વસંવેદન લક્ષણવાળું છે, એમ કહીને એમાં કહે છે કે શાસ્ત્રજ્ઞાન છે તે કાર્ય નહીં કરે પણ નિર્વિકારી સ્વસંવેદનજ્ઞાન છે તે કાર્ય કરે છે, તેને અહીં ક્ષયોપશમજ્ઞાન કહે છે. સમ્યગ્દર્શન થતાં જે જ્ઞાન છે તે ક્ષયોપશમજ્ઞાન છે, ભલે ક્ષાયિક સમ્યગ્દર્શન હો પણ જ્ઞાન તો ક્ષયોપશમજ્ઞાન છે. (ક્રમશઃ) ❊

**સમભાવમાં પરિણામ સ્થાપી દેખતો જે આત્મને,**
**તે જીવ છે આલોચના—જિનવરવૃષભ-ઉપદેશ છે. ૧૦૯.**



## અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

### ❃ જ્ઞેય અધિકાર ❃

દ્રવ્યસ્વરૂપસત્તા, ગુણસત્તા, પર્યાયસત્તા—એમ ત્રણ પ્રકારે સત્તા છે. જ્ઞેય જ્ઞાનમાં જાણવાલાયક વસ્તુ છે. તેને જેમ છે તેમ જાણવું તે જ્ઞાનનો ધર્મ છે. આત્મા જ્ઞાનવડે પોતાના તથા પરના દ્રવ્ય-ગુણ-પર્યાયને જેમ છે તેમ જાણે છે ને જ્ઞેયનો જ્ઞાનમાં જણાવાનો સ્વભાવ છે.

આ જગત જ્ઞાનમાં જણાવા યોગ્ય વસ્તુ છે. તેમાં દ્રવ્યસ્વરૂપની વાત કરે છે. ચૈતન્ય ચૈતન્યરૂપે અને જડ જડરૂપે દ્રવ્ય છે, અનંતા ગુણો જેમ છે તેમ જ્ઞાન જાણે તથા ત્રીજો બોલ પર્યાયસત્તાનો છે. આત્માનો સ્વભાવ જાણવાનો છે. પર્યાય સત્ છે તેને જ્ઞાન જાણે. પરમાણુની સુગંધ કે દુર્ગંધ પર્યાયને જ્ઞાન જાણે. સારા-નરસાપણું પર્યાયમાં નથી. જ્ઞાનમાં કેવળજ્ઞાનની પર્યાય સત્તા ખ્યાલમાં આવી માટે કેવળી આદરણીય છે, એવો જ્ઞાનસ્વભાવ નથી. તેમજ જ્ઞેયસ્વભાવ પણ તેવો નથી. પ્રતિમાની પર્યાય જડની પર્યાય છે એમ જ્ઞાન જાણે. જ્ઞેય એમ કહેતું નથી કે મને આદર ને જ્ઞાન પણ અમુક પર્યાય છે માટે આદરવા જોગ છે—એમ જાણતું નથી. મુનિની પર્યાય સત્‌રૂપે છે. કેવળજ્ઞાનીની પર્યાય સત્ છે—એમ જ્ઞાન જાણે છે, પણ તે પર્યાય આદરણીય છે—એમ જ્ઞાન ન જાણે. મિથ્યાત્વની પર્યાય હો કે સિદ્ધની પર્યાય હો—તે બધી જાણવાયોગ્ય છે. જ્ઞાની બીજાના મિથ્યાત્વપર્યાયને જાણે, પણ ઈષ્ટ-અનિષ્ટપણું જ્ઞાનમાં નથી. તેમ જ જ્ઞેયમાં પણ નથી. આ કસ્તૂરી છે માટે ઈષ્ટ છે, વિષ્ટા છે માટે અનિષ્ટ છે—એમ ઈષ્ટ-અનિષ્ટપણું કરવું તે જ્ઞાનનો સ્વભાવ નથી. તેમ જ જ્ઞેયોનો પણ એવો સ્વભાવ નથી.

પ્રશ્ન :—જ્ઞાન હેય-ઉપાદેય કરે છે ને?

સમાધાન :—ચારિત્રની અપેક્ષાએ એ ઉપચાર આવે છે. જ્ઞાન તો માત્ર બધાને જાણે છે. પરને જાણવું એમ કહેવું તે વ્યવહાર છે. કારણ કે પરમાં તન્મય થયા વિના જાણે છે.

છે કર્મતરુમૂલછેદનું સામર્થ્ય જે પરિણામમાં,
સ્વાધીન તે સમભાવ-નિજપરિણામ આલુંછન કહ્યા. ૧૧૦.

આ સર્વજ્ઞ છે માટે આદરણીય છે—એમ માને તો પરને લીધે રાગ માન્યો તે ભૂલ છે. જ્ઞાની તો માત્ર જાણે છે, પણ હજી પૂર્ણ વીતરાગ નથી. માટે ચારિત્રદોષના કારણે વિકલ્પ ઊઠે છે. વળી જ્ઞાને જાણ્યું માટે વિકલ્પ ઊઠ્યો એમ પણ નથી ને તે પદાર્થો છે માટે વિકલ્પ ઊઠ્યો એમ પણ નથી. પ્રતિમાને લીધે રાગ થતો નથી. વળી જાણવાને લીધે રાગ થતો હોય, અથવા જ્ઞેયોને લીધે રાગ થતો હોય તો કેવળીને રાગ થવો જોઈએ, પણ એમ બનતું નથી, સાધક જીવને રાગની ભૂમિકા હોવાથી વિકલ્પ ઊઠે છે, પણ પરને આદરણીય માનીને તે વિકલ્પ ઊઠતો નથી. જ્ઞાનીને તે કાળે ચારિત્રગુણની નબળાઈના કારણે રાગ થાય છે, તેને જ્ઞાન જાણે છે. અનંતા પદાર્થોને કેવળી ભગવાન જાણે છે. પણ તેમને રાગ થતો નથી, કારણ કે તેઓ વીતરાગ છે. રાગી જીવને રાગ થાય છે. જ્ઞેયોને લીધે રાગ નથી. જ્ઞાનને લીધે રાગ નથી ને રાગને લીધે જ્ઞેયનું જ્ઞાન નથી. આમ જાણવું જોઈએ.

આત્માને ધર્મ કેમ થાય? જ્ઞાનમાં એકાગ્રતા થવું તે અનુભવ છે. આત્માના જ્ઞાનસ્વભાવમાં વર્તમાન પર્યાય એકત્વ થાય તે ધર્મ છે. રાગ સાથે એકત્વ થાય તે અધર્મ છે. આ નિયમ ફરે તેવો નથી. ત્રિકાળી શક્તિવાનની સત્તા તે દ્રવ્ય છે. શક્તિસત્તા તે ગુણ છે ને પર્યાયસત્તા—આમ ત્રણ પ્રકારે વસ્તુ હોઈ શકે. જ્ઞાનમાં ત્રણે જણાવા લાયક છે. દીક્ષા લીધા પછી ઋષભદેવ ભગવાનને હજાર વર્ષે કેવળજ્ઞાન થયું, ભરતને અંતર્મુહૂર્તે કેવળજ્ઞાન થયું એમ જ્ઞાન જાણે છે. અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન થાય તે સારું અને હજાર વર્ષે કેવળજ્ઞાન થાય તે ઠીક નહિ—એવું જ્ઞેયસ્વભાવમાં નથી. તેમજ જ્ઞાનસ્વભાવમાં નથી. જે પર્યાય જેવો હોય તેમ જ્ઞાન જાણે.

સુદેવાદિ કે કુદેવાદિ બંને જ્ઞેય છે, જ્ઞાની તેને જાણે છે. આ આદરણીય છે ને આ આદરણીય નથી—એમ જ્ઞાનમાં ભેદ નથી, તેમજ જ્ઞેયમાં ભેદ નથી. ધર્મીજીવ જેમ છે તેમ જાણે છે, આ જ્ઞેય ઊંચું છે માટે રાગ થાય એમ નથી. તે સમયનો જે રાગ થાય છે તેને પણ જ્ઞાન જાણે છે. જ્ઞાન જાણે છે કે રાગ થાય છે. આમ જ્ઞાનનો વિવેક રહેવો તે ધર્મ છે. ગુણ-ગુણીની એકતા થવી તે ધર્મ છે.

વસ્તુ છે તે સ્વભાવવાન છે. તેને સ્વભાવ અથવા ગુણો હોય છે ને તેના વર્તમાન અંશને પર્યાય કહે છે. તેને જ્ઞાન જાણે છે. આ આદરણીય છે ને આ છોડવા લાયક છે—એમ જ્ઞાનમાં નથી. જ્ઞેયનો જણાવાનો સ્વભાવ છે. પણ બીજાને રાગ-દ્વેષ કરાવવાનો સ્વભાવ નથી. વળી જ્ઞાનનો સ્વભાવ જાણવાનો છે, પણ રાગ-દ્વેષ કરવાનો જ્ઞાનનો

અવિકૃતિકરણ તેને કહ્યું જે ભાવતાં માધ્યસ્થને
ભાવે વિમળગુણધામ કર્મવિભક્ત આતમરામને. ૧૧૧.

સ્વભાવ નથી. સાધક જ્ઞાનીને રાગ પોતાની નબળાઈથી આવે છે, પણ રાગ આદરણીય છે એમ જ્ઞાન જાણતું નથી, પણ રાગ છે એમ જ્ઞાન જાણે છે. વસ્તુનો સ્વભાવ તે ધર્મ છે. આત્માનો સ્વભાવ જ્ઞાન છે. જાણવું એ જ ધર્મ છે.

કોઈ પૂછે કે અનાયતનને છોડ્યાં વગેરે વાત શાસ્ત્રમાં આવે છે ને?

સમાધાન :—હું જ્ઞાનસ્વરૂપ છું એમ જ્ઞાન જાણે છે. જે પ્રકારનો રાગ આવે તેને પણ જ્ઞાન જાણે છે. સમયસારની છઠ્ઠી ગાથામાં કહ્યું છે કે પ્રમત્ત-અપ્રમત્ત દશા મારું સ્વરૂપ નથી, જાણવું તે જ્ઞાયકનો સ્વભાવ છે.

પ્રમત્તભાવ આવે છે તે જ્ઞાનનું જ્ઞેય છે—એમ કહેવું તે પણ વ્યવહાર છે. પોતે પોતાને જાણે છે તે નિશ્ચય છે. પ્રમત્ત અને અપ્રમત્તની પર્યાય છે માટે જ્ઞાન છે—એમ નથી. જો એમ હોય તો તેની સાથે જ્ઞાન તન્મય થઈ જાય. પ્રમત્ત-અપ્રમત્ત દશા જણાય છે તે પોતાના સ્વ-પર પ્રકાશક જ્ઞાનસ્વભાવના સામર્થ્યને લીધે જણાય છે. આવો નિશ્ચય જ્ઞાનસ્વભાવ જાણવો તે ધર્મ છે.

અહીં પર્યાયસત્તાની વાત ચાલે છે. બધા પદાર્થોની જે વર્તમાન દશા છે, તેને જ્ઞાન જાણે છે. જ્ઞાન રાગની પર્યાયને કે કેવલીની પર્યાયને જ્ઞેય તરીકે જાણે છે. હેય-ઉપાદેયનાં કથન આવે છે તે વ્યવહારનાં કથન છે. નિશ્ચય જ્ઞાનસ્વભાવ જાણે તેનો વ્યવહાર સાચો છે. કેવલી ભગવાનને લીધે રાગ થતો હોય તો બધાને રાગ થવો જોઈએ પણ એમ બનતું નથી. સાધક જીવને ચારિત્રગુણની નબળાઈથી રાગ આવે છે, તે પર્યાયસત્તાને જ્ઞાન જાણે છે. વિકલ્પ, રાગ, પ્રમત્ત, અપ્રમત્ત—બધી પર્યાયસત્તા છે, તેને જ્ઞાન જાણે છે. તે પણ વ્યવહારથી જાણે છે. વિકલ્પ છે માટે જ્ઞાનપર્યાય થઈ છે એમ નથી. ચારિત્રગુણની પ્રમત્તરૂપ પર્યાય થઈ માટે જ્ઞાનની પર્યાય થઈ એમ માને તો જ્ઞાનનું સ્વસામર્થ્ય રહેતું નથી. જ્ઞાન પોતાના સામર્થ્યથી રાગાદિને જાણે છે. જ્ઞાન પર પદાર્થોને જાણે છે—એમ કહેવું તે વ્યવહાર છે, અસત્યાર્થ છે, માટે છોડવા લાયક છે. પોતે પોતાને જાણે છે એ નિશ્ચય છે, ભૂતાર્થ છે. પોતાનો જ્ઞાનસ્વભાવ કેવો છે—તે જાણ્યા વિના પર્યાયસત્તાને કે પરની સત્તાને યથાર્થ જાણી શકે નહિ. આપ્ત વિના વસ્તુસ્વભાવનું જ્ઞાન થાય નહિ. વસ્તુસ્વભાવ જાણ્યા વિના સમ્યગ્દર્શન થાય નહિ. સમ્યગ્દર્શન વિના ચારિત્ર થતું નથી, ચારિત્ર વિના કેવળજ્ઞાન થતું નથી ને કેવળજ્ઞાન વિના સિદ્ધદશા થતી નથી.

(ક્રમશઃ) ❊

ત્રણ લોક તેમ અલોકના દ્રષ્ટા કહે છે ભવ્યને
—મદમાનમાયાલોભવર્જિત ભાવ ભાવવિશુદ્ધિ છે. ૧૧૨.



# મુક્તિનો માર્ગ

(સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં સત્તાસ્વરૂપ પર પ્રવચનો)
(પ્રવચન પહેલું)

## તત્ત્વનિર્ણયની દુર્લભતા

કોઈ એમ કહે કે કેવળી થઈએ ત્યારે આ સમજાયને! અત્યારે આપણને આ સમજાય નહીં, અત્યારે તો ક્રિયા કરવાની! તો એમ માનનાર કેવળી તો નહીં થાય, પણ કેવળ એક ઈન્દ્રિયવાળો (નિગોદ) થવાનો. વ્યવહારધર્મ એટલે શું? કે વર્તમાન પૂરતો રાગનો મંદભાવ; પણ તેનાથી આત્માના જન્મ–મરણનો અંત ન આવે. કદાચિત્ કોઈ જીવને સાચા દેવ-ગુરુનો સંયોગ મળે અને પૂજા, દાન, શીલ, વ્રત, સંયમ વગેરે વ્યવહાર-ધર્મની વાસના પણ ઉપજી જાય, પરંતુ જેનાથી અનાદિ મિથ્યાત્વનો રોગ ટળે, ઊંધી માન્યતારૂપી ક્ષયરોગ નાશ પામે એવા કારણનું મળવું તો ઉત્તરોત્તર મહાન દુર્લભ છે. આ હલકા કાળમાં જૈનધર્મના યથાર્થ જ્ઞાન–શ્રદ્ધાનપૂર્વક ચારિત્ર ધર્મ તો કઠણ જ છે. આમ છે તો હવે જીવોએ શું કરવું તે કહે છે.

તત્ત્વનો નિર્ણય કરવો તે પણ એક ધર્મ છે, અને તેનું ફળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. જૈનધર્મ અનુસાર યથાર્થ જ્ઞાન–શ્રદ્ધાનપૂર્વકનું ચારિત્ર મોંઘું છે, તો પણ તત્ત્વનિર્ણયરૂપ ધર્મ તો બાળક પણ કરી શકે છે. આઠ વર્ષની બાલિકા કે મોટો વૃદ્ધ દરેક તત્ત્વનિર્ણય કરી શકે છે. વૃદ્ધ તો શરીર થયું છે, અને શરીર વૃદ્ધ થાય તેથી કાંઈ આત્મામાંથી તત્ત્વનિર્ણય કરવાની શક્તિ ચાલી જતી નથી. બાળ, વૃદ્ધ, રોગી, નિરોગી, ધનવાન, નિર્ધન, સુક્ષેત્રી કે કુક્ષેત્રી વગેરે જે જીવ ધારે તે બધા તત્ત્વનિર્ણય કરી શકે છે, તત્ત્વનિર્ણય એ પણ ધર્મ છે. રોટલાના સાધનની ધર્મમાં જરૂર પડતી નથી. રોટલા બરાબર હોય તો જ ધર્મ થાય એવું હોય તો ધર્મ પરાધીન બને–એવું ધર્મનું સ્વરૂપ નથી. ગમે તે તત્ત્વનિર્ણય કરી શકે છે. સુક્ષેત્ર કે કુક્ષેત્ર ગમે તે અવસ્થામાં તત્ત્વનિર્ણય પ્રાપ્ત કરી શકાય છે.

આ રીતે કોને તત્ત્વનિર્ણય થઈ શકતો નથી, અને કોને થઈ શકે છે તે બતાવ્યું; તો હવે જેને તત્ત્વનિર્ણય થઈ શકે છે તેણે તત્ત્વનિર્ણય કરવા માટે શું કરવું તે વાત કહેવાશે.

વ્રત, સમિતિ, સંયમ, શીલ, ઇન્દ્રિયરોધરૂપ છે ભાવ જે
તે ભાવ પ્રાયશ્ચિત્ત છે, જે અનવરત કર્તવ્ય છે. ૧૧૩.


જે પુરુષ પોતાના હિતનો વાંછક છે તેણે તો સર્વથી પહેલાં આ તત્ત્વનિર્ણયરૂપ કાર્ય જ કરવું યોગ્ય છે. અનંતકાળથી આ આત્મા સંસાર પરિભ્રમણ કરે છે, તેમાં વીતરાગ ભગવાન શું કહે છે તે તત્ત્વનો યથાર્થ નિર્ણય એક સેકંડ માત્ર પણ કર્યો નથી. તત્ત્વનું સ્વરૂપ સમજ્યા વિના પૂજા, દાન, શીલ, મહાવ્રત વગેરે અનંતવાર જીવ કરી ચૂક્યો છે, પણ સાચી સમજણના અભાવે હજુ સુધી સાચું સુખ મળ્યું નથી અને પરિભ્રમણનું દુઃખ ટળ્યું નથી.

સુખ તો દરેક જીવને વહાલું છે; પણ કર્મના નાશ વિના સુખ પ્રગટે નહિ, વીતરાગતા વિના કર્મનો નાશ થાય નહિ, ચારિત્ર વિના વીતરાગતા થાય નહિ, સમ્યગ્દર્શન–જ્ઞાન વિના ચારિત્ર થાય નહિ, તત્ત્વના નિર્ણય વિના સમ્યગ્દર્શન–જ્ઞાન થાય નહિ અને સર્વજ્ઞના આગમના જ્ઞાન વિના તત્ત્વનો નિર્ણય થાય નહીં. હવે તે તત્ત્વનિર્ણયરૂપ આગમનું જ્ઞાન એકેન્દ્રિયથી માંડીને અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવોને તો થઈ શકવા યોગ્ય નથી, કેમકે તેમને તો તત્ત્વ વિચારવાની શક્તિ જ નથી. મનુષ્યપણામાં પણ યથાર્થ શ્રદ્ધાનાદિ થવાં કઠણ છે. શ્રદ્ધાનાદિ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે થવા કઠણ છે, પણ માત્ર સમ્યક્‌ભાન તો બાળ–ગોપાળ, રોગી–નિરોગી સર્વે કરી શકે છે. એ વાત આવી ગઈ છે.


વીતરાગ દેવ શું કહે છે એ તત્ત્વના નિર્ણય વિના જીવો પોતાના માનેલા વાડામાં ઊંધી દોટ મૂકી રહ્યા છે; પોતે શું માન્યું છે, પોતે જેને ગુરુ માને છે તે શું કહે છે અને વીતરાગનો માર્ગ શું છે એનો નિર્ણય કરતા નથી. વીતરાગનો માર્ગ તો ત્રણે કાળે એક જ હોય છે. સર્વજ્ઞ વીતરાગે કહેલા તત્ત્વના નિર્ણય વિના કદાચિત્ દયા, દાનાદિમાં કષાય મંદ પાડે તો શુભભાવનું પુણ્ય બાંધે, પણ તેમાં ધર્મ તો કિંચિત્ પણ ન થાય. વીતરાગ કહે છે તે સમજીને તેમાં ઠરવું તે એક જ પ્રકારનો માર્ગ ધર્મનો છે; માટે સૌથી પહેલાં તત્ત્વનિર્ણયરૂપ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું જ યોગ્ય છે. આ આત્માએ સમ્યગ્દર્શન કર્યા વિના સેવા-અનુકંપા કરી, કરોડો રૂપિયા દાનમાં ખર્ચ્યાં, પણ આત્માનું સ્વરૂપ શું છે તે ન સમજ્યો; ભગવાનના નામે મોટા દાન કર્યાં, પણ ભગવાન શું કહે છે તે સમજ્યો નહીં તેથી ધર્મ થયો નહીં. ધર્મનો માર્ગ અપૂર્વ છે, પૂર્વે કદી સમજ્યો નથી. કરોડોમાં કોઈક જીવ આ નિર્ણય કરે છે; પણ જે જે નિર્ણય કરવા માગે તે નિર્ણય કરી શકે છે.

(ક્રમશઃ) ❋

**ક્રોધાદિ નિજ ભાવો તણા ક્ષય આદિની જે ભાવના**
**ને આત્મગુણની ચિંતના નિશ્ચયથી પ્રાયશ્ચિત્તમાં. ૧૧૪.**




## શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



(બીજી ઢાળ ગાથા ૯-૧૨)

### ગૃહીત મિથ્યાદર્શનનું સ્વરૂપ અને મિથ્યાત્વપોષક કુગુરુ—કુદેવ—કુધર્મનું સેવન છોડવાનો ઉપદેશ

રાગાદિક ભાવહિંસા અને ત્રસ-સ્થાવરના ઘાતરૂપ દ્રવ્યહિંસા, એવી હિંસાથી ભરેલી મિથ્યાક્રિયાઓ તે કુધર્મ છે. એવા કુધર્મનું સેવન તે તીવ્ર મિથ્યાત્વ છે. જૈનધર્મ તો વીતરાગતાપોષક છે, વીતરાગભાવ તે જ ધર્મ છે. જે યજ્ઞ વગેરેમાં પંચેન્દ્રિય પશુને હોમી દે ને તેમાં ધર્મ મનાવે, પોતાના શરીરનું માંસ બીજાને ખવડાવે તેને દાનધર્મ માને, નદી-સમુદ્ર વગેરેમાં સ્નાન કરવાથી ધર્મ માને—એ બધું કુધર્મનું સેવન છે, તેમાં હિંસાનું પોષણ છે. જો ત્રસ જીવોને હણવાથી પણ ધર્મ થશે તો નરકમાં કોણ જશે? ત્રસહિંસાના તીવ્ર પાપનું ફળ તો નરક જ છે, એમાં ધર્મ કેવો? હજી તો શુભરાગને ધર્મ મનાવે તેનેય સાચા ધર્મની ખબર નથી, તો પછી પાપની તો શી વાત? શુભરાગથી સ્વર્ગ મળે છે, મોક્ષ નહીં; મોક્ષ તો વીતરાગભાવે જ મળે છે, એટલે વીતરાગભાવ જ ધર્મ છે; ને વીતરાગભાવ શુદ્ધાત્માના અનુભવથી જ થાય છે, માટે શુદ્ધાત્માનો અનુભવ તે ધર્મ છે.

વીતરાગી દેવ-ગુરુની પૂજા વગેરેમાં શુભભાવ છે; તેમાં જોકે અલ્પ હિંસા છે પણ એક તો તે હિંસાનો અભિપ્રાય નથી, બીજું તે સ્થાવરહિંસા નિવારી શકાતી નથી, અને ત્રીજું તે હિંસાને ધર્મ માનતા નથી. તેમાં અલ્પ હિંસા છે પણ ઘણો શુભભાવ છે (सावद्य लेशो बहु पुण्यराशि) તેથી અશુભથી બચવા માટે પૂજન-ભક્તિના શુભભાવ યોગ્ય જ છે. તેમાં હિંસાનો કે રાગ દ્વેષના પોષણનો અભિપ્રાય નથી પણ વીતરાગતાનું જ બહુમાન અને અનુમોદન છે; તે ક્રિયા અહિંસાના અનુબંધવાળી છે. સ્થાવરહિંસા જેમાં ટળી ન શકે પણ ત્રસહિંસાથી ને અશુભપણાથી બચે એવી શુભક્રિયાઓ પૂજા આહારદાન વગેરે ગૃહસ્થભૂમિકામાં હોય છે. પછી મુનિદશામાં શુદ્ધોપયોગ થતાં તે શુભરાગ પણ છૂટી જાય છે. ગૃહસ્થ પણ પોતાના પરિણામના વિવેક વગર ગમે તેવા હિંસાકાર્યમાં પ્રવર્તે—તેની આ વાત નથી. રાત્રે ગમે તેવા આરંભ સમારંભ, કે જેમાં ત્રસ જીવોનો કચ્ચરઘાણ

**જીતે ક્ષમાથી ક્રોધને, નિજ માર્દવેથી માનને,**
**આર્જવ થકી માયા ખરે, સંતોષ દ્વારા લોભને. ૧૧૫.**

નજરે દેખાતો હોય એવા કાર્યો તો ગૃહસ્થનેય ન શોભે. રાત્રે ભોજન કે પૂજનાદિ કાર્યો ન કરે. બધા પ્રકારનો વિવેક જોઈએ. ભાઈ, સર્વજ્ઞના માર્ગમાં તો જેમ પોતાના કષાયો ઘટે ને વીતરાગતા થાય તેમ વિવેકથી પ્રવર્તવાનું છે. પોતાના પરિણામ જોતાં શીખવું જોઈએ, ને જેમ પોતાને વીતરાગવિજ્ઞાનનો લાભ થાય તેમ વર્તવું જોઈએ. જેમાં ધર્મના નામે ત્રસહિંસા થતી હોય કે કોઈ પણ રીતે હિંસાને ધર્મ મનાવતા હોય એવા કુમાર્ગોને દૂરથી જ છોડવા જેવા છે. એ કુમાર્ગો તો વિષય-કષાયના પોષક છે, તેના સેવનમાં જીવનું ઘણું અહિત છે. ભાઈ, તું સાચો માર્ગ તો જાણ—કે જેના સેવનથી તારું હિત થાય.

દેવ-ગુરુ-ધર્મની ઓળખાણમાં જેની ભૂલ છે ને વિપરીતને સેવે છે તેને ગૃહીતમિથ્યાત્વ છે; અને તે ગૃહીતમિથ્યાત્વ ટાળીને સાચા દેવ-ગુરુને પૂજે છતાં જીવાદિ તત્ત્વોના યથાર્થ નિર્ણયમાં જેને ભૂલ છે તેને પણ હજી અગૃહીતમિથ્યાત્વ છે. સાચા દેવ-ગુરુ-ધર્મને ઓળખીને અને તેમણે કહેલા જીવાદિ તત્ત્વોનું યથાર્થ સ્વરૂપ ઓળખીને શ્રદ્ધા કરતાં, ગૃહીત અને અગૃહીત બંને મિથ્યાત્વ ટળીને અપૂર્વ સમ્યગ્દર્શન થાય છે; તે મહાન કલ્યાણનું મૂળ છે.

આ પ્રમાણે ચાર ગાથા (૯ થી ૧૨)માં કુગુરુ-કુધર્મના સેવનરૂપ ગૃહીત-મિથ્યાદર્શનનું સ્વરૂપ ઓળખાવીને તે છોડવાનો ઉપદેશ આપ્યો; હવે ગૃહીત મિથ્યાદર્શન સાથેના ગૃહીત મિથ્યાજ્ઞાનનું સ્વરૂપ ઓળખાવીને તે ટાળવાનો ઉપદેશ ૧૩ મી ગાથામાં આપશે.

## ગૃહીત મિથ્યાજ્ઞાનનું સ્વરૂપ અને તે છોડવાનો ઉપદેશ

एकान्त-वाद-दूषित समस्त, विषयादिपोषक अप्रशस्त ।
कपिलादि-रचित श्रुतको अभ्यास, सो है कुबोध बहु देन त्रास ।।१३।।

આત્માને દુઃખનું જે કારણ છે તે છોડવા માટેની આ વાત ચાલે છે. દુઃખનું કારણ બીજું કોઈ નથી પણ જીવોનો પોતાનો ઊંધો ભાવ જ દુઃખનું કારણ છે. દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વરૂપ વસ્તુ અનેકાન્તરૂપ છે. તેને નહિ જાણનારા અજ્ઞાનીઓ દ્વારા રચાયેલ જે શાસ્ત્રો છે તે સમસ્ત એકાન્તવાદથી દૂષિત છે, અને વિષય-કષાયનાં પોષક છે, તથા અપ્રશસ્ત છે એટલે કે સારાં નથી પણ જીવનું અહિત કરનારાં છે, એટલે તે કુશાસ્ત્રો છે; અને તેનો અભ્યાસ, તેની માન્યતા, તેને સાચાં સમજીને તેનું વાંચવું-સાંભળવું એ બધું કુજ્ઞાન છે, તે

ઉત્કૃષ્ટ નિજ અવબોધને વા જ્ઞાનને વા ચિત્તને
ધારણ કરે છે નિત્ય, પ્રાયશ્ચિત્ત છે તે સાધુને. ૧૧૬.

ગૃહીતમિથ્યાજ્ઞાન છે, અને તે ઘણો જ ત્રાસ દેનારું છે. માટે તેનું સેવન છોડવું જોઈએ.

વીતરાગ સર્વજ્ઞ અર્હન્તદેવે બતાવેલું જે અનેકાન્તમય વસ્તુસ્વરૂપ, તેનાથી વિપરીત કહેનાર શાસ્ત્રો દુનિયામાં ગમે તેવા પ્રસિદ્ધ હોય ને ગમે તેના રચેલાં હોય તોપણ તે કુશાસ્ત્ર છે. નિગોદથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીમાં તો જીવને શાસ્ત્ર વાંચવાનું જ ક્યાં હતું! એટલો ક્ષયોપશમ જ ન હતો. હવે તેને ક્ષયોપશમ થયો ને વાંચવા જેટલી બુદ્ધિ મળી, તેમાં જો કુશાસ્ત્રો અને વિષય-કષાયના પોષક શાસ્ત્રોમાં જ બુદ્ધિનો દુરુપયોગ કર્યો તો તારી બુદ્ધિ દુર્બુદ્ધિ છે, મિથ્યાબુદ્ધિ છે. માટે ભાઈ! વીતરાગદેવે કહેલા યથાર્થતત્ત્વને સમજવામાં તારી બુદ્ધિ જોડ.

સર્વજ્ઞ ભગવાન અતીન્દ્રિય—પ્રત્યક્ષ—સંપૂર્ણ જ્ઞાન વડે જગતને સાક્ષાત્ જાણનારા છે, તેઓ કહે છે કે જગતમાં અનંતા ભિન્ન-ભિન્ન જીવો છે; દરેક જીવ જ્ઞાનસ્વરૂપ છે, તે પોતાના અનંત ધર્મો સહિત છે. જીવ અને અજીવ બધા પદાર્થોમાં પોતપોતાના સ્વાધીન અનંત ગુણપર્યાયો છે; તેનો કોઈ કર્તા નથી. સ્વ-પરને જાણે એવો જીવનો સ્વભાવ છે; જાણવું તેમાં રાગ નથી; એટલે આત્મા વીતરાગવિજ્ઞાનનો ઘન છે. આવો જ્ઞાનસ્વભાવી આખો આત્મા છે તે જ હું છું—એમ પોતાને જાણે ત્યારે અનાદિનું અજ્ઞાન ટળે.

જ્ઞાનનું કામ જાણવાનું છે; રાગ—વિકલ્પ કરવા તે કામ જ્ઞાનનું નથી. નિર્વિકલ્પ થઈને આવો જ્ઞાનસ્વભાવ અનુભવમાં લીધો ત્યાં રાગાદિનું કર્તૃત્વ છૂટી જાય છે, ને વીતરાગી આનંદનો અનુભવ થાય છે.—આવા અનુભવ સહિત આત્માને જાણે ત્યારે આત્માને ઓળખ્યો કહેવાય, ને ત્યારે અગૃહીત મિથ્યાત્વ ટળે.

અરે, અજ્ઞાનીના બનાવેલા, નાસ્તિકપણાના પોષક કુશાસ્ત્રોને જે સેવે, ઈશ્વરકર્તૃત્વ વગેરે પરાધીનતા બતાવનારા શાસ્ત્રોને જે સેવે, યુદ્ધ વગેરેના શાસ્ત્રોને જે સેવે—એને તો કુજ્ઞાનનું સેવન છે, તેમજ જૈનના નામે રચાયેલાં શાસ્ત્રોમાં પણ જેમાં વીતરાગી દેવ-ગુરુ-ધર્મનું સ્વરૂપ વિપરીત બતાવ્યું હોય, જેમાં દેવને ખોરાક બતાવ્યો હોય, ગુરુને વસ્ત્ર બતાવ્યા હોય ને સમ્યગ્દર્શન વગર એકલા રાગથી ભવનો છેદ થવાનું કહ્યું હોય—તે શાસ્ત્રોને પણ શંકા વગર કુશાસ્ત્ર સમજવા. આવા કુશાસ્ત્રોના સેવનમાં ગૃહીત મિથ્યાજ્ઞાન છે, ને તે મહા ભવદુઃખ દેનાર છે. માટે એવા કુશાસ્ત્રોનું સેવન છોડવું જોઈએ, ને જેમાં દેવ-ગુરુ-ધર્મનું ને આત્માના હિતનું યથાર્થ સ્વરૂપ સમજાવ્યું હોય એવા વીતરાગી શાસ્ત્રોવડે સત્યસ્વરૂપ સમજીને સમ્યગ્જ્ઞાન કરવું જોઈએ, તે પરમહિતનું કારણ છે;—'જ્ઞાન સમાન ન આન જગતમેં સુખકો કારણ' એમ આગળ ચોથી ઢાળમાં કહેશે.

(ક્રમશઃ) ❊

# આત્માને રાજી કરવાની ધગશ

જગતના જીવોએ દુનિયા રાજી કેમ થાય અને દુનિયાને ગમતું કેમ થાય—એવું તો અનંતવાર કર્યું છે પણ હું આત્મા વાસ્તવિક રીતે રાજી થાઉં ને મારા આત્માને ખરેખર ગમતું શું છે--એનો કોઈ વાર વિચાર પણ નથી કર્યો, એની કોઈવાર દરકાર પણ નથી કરી. જેને આત્માને ખરેખર રાજી કરવાની ધગશ જાગી તે આત્મને રાજી કર્યે જ છૂટકો કરશે એને તેને 'રાજી' એટલે 'આનંદધામ'માં પહોંચ્યે જ છૂટકો છે. અહીં જગતના જીવોને રાજી કરવાની વાત નથી, પણ જે પોતાનું હિત ચાહતો હોય તેણે શું કરવું તેની વાત છે. પોતે સ્વભાવ જ્ઞાન-આનંદથી ભરેલો છે તેની શ્રદ્ધા કરે તો તેમાંથી કલ્યાણ થાય, તે સિવાય બીજેથી કલ્યાણ ત્રણકાળ ત્રણલોકમાં થાય જ નહીં.

જીવોને આ વાત મોંઘી પડે એટલે બીજો રસ્તો લેવાથી ધર્મ થઈ જશે ! એમ તેમને ઊંધું શલ્ય પેઠું છે. પણ ભાઈ ! અનંત વરસ સુધી તું બહારમાં જોયા કર તો પણ આત્મધર્મ ન પ્રગટે. માટે પરનો આશ્રય છોડીને સ્વતત્ત્વની રુચિ કરવી...પ્રેમ કરવો....મનન કરવું તે જ સત્ સ્વભાવને પ્રગટાવવાનો ઉપાય છે. માટે જે પોતાનું હિત ચાહે તે આવું—કરો આચાર્યદેવ કહે છે. જેને પોતાનું હિત કરવું હોય તેને આવી ગરજ થશે.

અજ્ઞાની જીવોની બાહ્યદૃષ્ટિ હોવાથી તે એમ માને છે કે હું પરનો આશ્રય લઉં તો ધર્મ થાય; પણ જ્ઞાની કહે છે કે હે ભાઈ ! તેં બધાનો આશ્રય છોડીને તું અંતરમાં તારા આત્માની શ્રદ્ધા કર, આત્માને પ્રગટાવવાનો આધાર અંતરમાં છે. આત્માની પવિત્રતા અને આત્માનો આનંદ તે આત્મામાંથી જ પ્રગટે છે, બહારથી કોઈ કાળે પણ પ્રગટતો નથી.



# પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા

પ્રશ્ન :—સ્વાનુભવ મનજનિત છે કે અતીન્દ્રિય છે?

ઉત્તર :—સ્વાનુભવમાં ખરેખર મન કે ઈન્દ્રિયનું અવલંબન નથી. તેથી તે અતીન્દ્રિય છે; પણ સ્વાનુભવમાં મતિશ્રુતજ્ઞાન છે ને મતિશ્રુતજ્ઞાન મનના કે ઈન્દ્રિયના અવલંબન વગર હોતો નથી તે અપેક્ષાએ સ્વાનુભવમાં મનનું અવલંબન પણ ગણ્યું છે. ખરેખર મનનું અવલંબન તૂટ્યું તેટલો સ્વાનુભવ છે; સ્વાનુભવમાં જ્ઞાન અતીન્દ્રિય છે.

પ્રશ્ન :—નિર્વિકલ્પ અનુભૂતિમાં મનનો સંબંધ છૂટી ગયો છે એ વાત કેટલા ટકા સાચી?

ઉત્તર :—સો એ સો ટકા સાચી; ત્યાં નિર્વિકલ્પતારૂપ જે પરિણમન છે તેમાં તો મનનું અવલંબન જરા પણ નથી, તેમાં તો મનનો સંબંધ તદ્દન છૂટી ગયો છે; પણ તે વખતે અબુદ્ધિપૂર્વક જે રાગપરિણમન બાકી છે તેમાં મનનો સંબંધ છે.

પ્રશ્ન :—અનુભવ દ્રવ્યનો છે કે પર્યાયનો?

ઉત્તર :—'અનુભવ'માં એકલું દ્રવ્ય કે એકલી પર્યાય નથી, પણ સ્વસન્મુખ વળીને પર્યાય દ્રવ્ય સાથે તદ્રૂપ થઈ છે, ને દ્રવ્ય–પર્યાય વચ્ચે ભેદ નથી રહ્યો,—આવી જે બંનેની અભેદઅનુભૂતિ–તે અનુભવ છે. દ્રવ્ય–પર્યાય વચ્ચે ભેદ રહે ત્યાં સુધી નિર્વિકલ્પ અનુભવ થાય નહીં.

પ્રશ્ન :—ત્રિકાળી દ્રવ્યના આશ્રયથી નિર્વિકલ્પ આનંદની અનુભૂતિ થાય ને તે જ સમયે હું આ આનંદને અનુભવું છું એવો ખ્યાલ આવે?

ઉત્તર :—નિર્વિકલ્પ અનુભૂતિ કાળે આનંદનું વેદન છે પણ વિકલ્પ નથી. વિકલ્પમાં આવે છે ત્યારે ખ્યાલમાં આવે કે આનંદનો અનુભવ થયો છે પણ આનંદના અનુભવકાળે આનંદ અનુભવું છું તેવો ભેદ નથી, વેદન છે.

પ્રશ્ન :—કેરીના સ્વાદ આત્માને આવે છે તેમ આત્માના અનુભવનો સ્વાદ કેવો હોય?

બહુ કથન શું કરવું? અરે! સૌ જાણ પ્રાયશ્ચિત્ત તું,
નાનાકરમક્ષયહેતુ ઉત્તમ તપચરણ ઋષિરાજનું. ૧૧૭.

ઉત્તર :—કેરી તો જડ છે, જડ કેરીનો સ્વાદ આત્માને આવતો નથી. કેરીના મીઠા રસનું જ્ઞાન થાય છે અને કેરી ઠીક છે એવી મમતાના રાગનો દુઃખરૂપ સ્વાદ આત્માને આવે છે. આત્માના અનુભવનો જે અતીન્દ્રિય આનંદ આવે છે તે આનંદ વચન અગોચર છે, અનુભવગમ્ય છે.

**પ્રશ્ન :—પરની પર્યાયને પરદ્રવ્ય કહો પણ સ્વની નિર્મળ પર્યાયને પણ પરદ્રવ્ય કેમ કહો છો?**

ઉત્તર :—પરદ્રવ્યના લક્ષની જેમ નિર્મળ પર્યાયના લક્ષે પણ રાગ ઊઠતો હોવાથી એ પણ ખરેખર પરદ્રવ્ય છે દ્રવ્યથી સર્વથા ભિન્ન છે એમ જોર દીધા વિના દૃષ્ટિનું જોર દ્રવ્ય ઉપર જતું નથી, તેથી નિર્મળ પર્યાયને પણ પરદ્રવ્ય, પરભાવ ને હેય કહી છે. પર્યાય ઉપર પ્રેમ છે તેનું લક્ષ પરદ્રવ્ય ઉપર જાય છે, તેથી તેને પરદ્રવ્યનો જ પ્રેમ છે. પરમ સત્‌સ્વભાવ એવા દ્રવ્યસામાન્યની ઉપર લક્ષ જવું તે અલૌકિક વાત છે.

**પ્રશ્ન :—આ આત્માનું સ્વરૂપ ખ્યાલમાં આવવા છતાં પ્રગટ કેમ નહીં થતું હોય?**

ઉત્તર :—એને યોગ્ય પુરુષાર્થ જોઈએ. અંદરમાં અપાર શક્તિ પડી છે તેનું માહાત્મ્ય આવવું જોઈએ. વસ્તુ તો પ્રગટ છે જ, અપ્રગટ તો પર્યાયની અપેક્ષાએ કહેવાય છે. આમ તો વસ્તુ પ્રગટ જ છે, કાંઈ આડું ઢાંકણું નથી. પ્રથમ વસ્તુનું માહાત્મ્ય આવવું જોઈએ. ભાન થાય તો માહાત્મ્ય આવે એમ નહીં, કેટલાક એમ લઈ લ્યે છે; પહેલા માહાત્મ્ય આવે તો માહાત્મ્ય આવતાં આવતાં ભાન થાય.

**પ્રશ્ન :—આત્માના જુદા જુદા ગુણો ખ્યાલમાં આવે છે પણ અભેદ ખ્યાલમાં નથી આવતો?**

ઉત્તર :—પોતે ખ્યાલમાં લેતો નથી એટલે આવતો નથી. અભેદને ખ્યાલમાં લેવો એ તો છેલ્લામાં છેલ્લી સ્થિતિ છે. નિર્વિકલ્પ થાય ત્યારે અભેદ આત્મા ખ્યાલમાં આવે છે.

**પ્રશ્ન :—એ ખ્યાલમાં લેવો કઠણ પડે છે?**

ઉત્તર :—ધી...રે...ધી...રે પ્રયત્ન કરવો, મૂંઝાવા જેવું નથી. અનુભવમાં આવી શકે એવો છે માટે ધી...રે...ધી...રે પ્રયાસ કરવો, મૂંઝાવું નહિ, થઈ શકે એવું છે. આવા કાળે આવી ઊંચી વાત સાંભળવા મળી છે એ ઓછું છે!

**રે! ભવ અનંતાનંતથી અર્જિત શુભાશુભ કર્મ જે**
**તે નાશ પામે તપ થકી; તપ તેથી પ્રાયશ્ચિત્ત છે. ૧૧૮.**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

*પ્રશ્ન :*—સ્વાનુભૂતિમાં, નાળિયેરમાં જેમ ગોળો અલગ છે તેમ, શરીર એકદમ જુદું પડ્યું છે એમ ખ્યાલમાં આવે?

**સમાધાન :**—પોતે જુદો જ પડી જાય છે. એકદમ નિરાળો થઈ જાય છે. ચૈતન્યતત્ત્વ એકલો નિરાળો થઈ પોતે પોતાની સ્વાનુભૂતિ કરે છે, પોતે પોતાના અનંત ગુણનું વેદન કરે છે, ચૈતન્ય ગોળો છૂટો પડીને, ચૈતન્યપણે પોતે પોતાને અનુભવે છે. આ અનુભવમાં જે વિભાવનું વેદન છે તે છૂટી જાય છે અને ચૈતન્યનું વેદન અંતરમાંથી પ્રગટ થાય છે. એકદમ એવો નિરાળો થઈ જાય છે. શરીરનો ખ્યાલ નથી રહેતો. બહાર ઉપયોગ આવે ત્યારે આ શરીર જુદું અને હું જ્ઞાયક જુદો તેમ જુદાપણાની—નિરાળાપણાની પરિણતિ વર્તે છે. અંતરમાં ગયો તો શરીર ક્યાં છે તે ખ્યાલ રહેતો નથી, વિકલ્પ તરફનો ઉપયોગ પણ છૂટી જાય છે ને એકલું ચૈતન્યનું વેદન રહે છે—એકલી આનંદની ધારા રહે છે. તેની સાથે અનંત ગુણની પર્યાય પ્રગટ થાય છે.

*પ્રશ્ન :*—અમને તો લાગે છે કે અમે ઘણો પુરુષાર્થ કરીએ છીએ છતાં પરિણામ કાંઈ દેખાતું નથી. તો આપ આ વિષયમાં વિશેષ ખુલાસો કરવા કૃપા કરશો.

**સમાધાન :**—પોતાના પુરુષાર્થની ખામી છે. પોતાના પુરુષાર્થમાં એની ને એની લગની; તથા દિવસ અને રાત તેનો પ્રયત્ન કરવો જોઈએ. આત્માનું ન્યારાપણું, બુદ્ધિમાં ગ્રહણ કર્યું પણ અંતર પરિણતિમાં હું ચૈતન્ય ન્યારો છું એવી ભેદજ્ઞાનની ધારા પ્રગટ થવી જોઈએ. પોતાના પ્રયત્નની ખામી છે. હું ચૈતન્ય જુદો છું, જુદો છું એવી અંતરમાંથી ન્યારાપણાની પરિણતિ પ્રગટ થવી જોઈએ. તો સ્વાનુભૂતિ થાય છે. માત્ર વિચાર ચાલે તે ઠીક છે પણ અંતરમાં ઊંડા ઊતરીને જે સ્વભાવ છે તે સ્વભાવમાંથી ન્યારાપણું આવવું જોઈએ.

*પ્રશ્ન :*—શુદ્ધનયકા ઔર સમ્યગ્દર્શનકા વિષય ક્યા એક આત્મા હી હૈ? ક્યા દૃષ્ટિમેં કોઈ પર્યાયકા સ્વીકાર નહીં?

> આત્મસ્વરૂપ અવલંબનારા ભાવથી સૌ ભાવને
> ત્યાગી શકે છે જીવ, તેથી ધ્યાન તે સર્વસ્વ છે. ૧૧૯.

**સમાધાન** :—દોનોંકા વિષય એક આત્મા હી હૈ, પર્યાય નહીં. દ્રવ્યદૃષ્ટિમેં પર્યાય નહીં આતી. અધૂરી, પૂર્ણ પર્યાય પર ભી લક્ષ નહીં જાતા. શુદ્ધ પર્યાયકા વેદન હોતા હૈ, તો ભી શુદ્ધ પર્યાય પર ઉસકી દૃષ્ટિ નહીં હોતી. દૃષ્ટિ તો શાશ્વત અનાદિ-અનંત પારિણામિકભાવ ઊપર હૈ. પારિણામિક ભાવકા ભી વિકલ્પ નહીં હોતા. મૈં અનાદિ-અનંત આત્મા હૂં ઈસકે ઉપર દૃષ્ટિ રહતી હૈ, શુદ્ધ-અશુદ્ધ દોનોં પર્યાય પર દૃષ્ટિ નહીં હોતી. ઈસકા વેદન હોવે તો ભી દૃષ્ટિ ઉસ પર નહિ હોતી. જ્ઞાન જાનતા હૈ કિ મેરી સાધકદશા ઈતની હૈ—ચતુર્થ ગુણસ્થાન હૈ, છઠા-સાતવાં ગુણસ્થાન હૈ,—ઐસા જ્ઞાનમેં રહતા હૈ ઈસલિયે પુરુષાર્થ હોને લગતા હૈ—પુરુષાર્થ કરતા હૈ. પરંતુ દૃષ્ટિ તો પૂરી દ્રવ્ય પર હૈ. પર્યાયકા વેદન હોતા હૈ વહ જ્ઞાન જાનતા હૈ.

*પ્રશ્ન* :—જુદા પાડવાનો અભ્યાસ કરે તો શું એક ક્ષણ એવી આવે જેથી અભેદમાં પરિણતિ જાય ?

**સમાધાન** :—હા. જુદા પાડવાનો અભ્યાસ કરે તો ન્યારી પરિણતિ થાય. કેટલાકને મૂંઝવણ થાય એટલે થાકી જાય; પણ પોતે પ્રયત્ન કર્યા કરવો, તેમાં મૂંઝાવું કે થાકવું નહિ. પોતે ઉત્સાહથી અને ધીરજથી પ્રયત્ન કરવો. પ્રયત્ન કરે તો પ્રગટ થયા વગર રહેતું જ નથી. જેને પોતાની જિજ્ઞાસા ને પ્રયત્ન પોતા તરફ છે તેને કાળ લાગે, પણ થયા વગર રહેતું નથી. પોતાને લગની—રુચિ છે ને કારણ આપે તો કાર્ય આવ્યા વગર રહેતું નથી. જ્યાં સુધી કાર્ય થાય નહિ ત્યાં સુધી સમજવું કે કારણ ઓછું છે.

*પ્રશ્ન* :—આપને પૂર્વભૂમિકામાં શું વિચારો ચાલતા હતા ?

**સમાધાન** :—મોક્ષ શું ? એકાંત દુઃખ કયા કારણે ? મોક્ષની આવશ્યકતા કેવી રીતે ? પુણ્ય—પાપ બંને દુઃખનું કારણ કેવી રીતે ?—એમ જાતજાતના વિચારો કરી નક્કી કર્યું હતું. સાકર અને કાળીજીરી એ દૃષ્ટાંતના વિચાર આવતા અને તે આપણી બુદ્ધિથી કઈ રીતે બેસે એવા બધા પ્રકારના વિચારો ચાલતા. તે વખતે જે જે વિચારો આવે તે બધા લખવાની ટેવ હતી એટલે પોતાને માટે લખી લેતી. જેથી પોતાને પાછું વિચારવામાં કામ આવે. ધૂન એવી લાગી રહેતી કે દરેક કાર્યમાં આત્મા જુદો છે, આત્મા જુદો છે, એવી જાતનું રહેતું. પછી એમ થાય કે આત્મા જુદો છે એવું નક્કી તો કર્યું પણ જુદો રહેતો તો નથી—એમ કરી કરીને એવા બધા વિચારો કરતી. કામકાજ કરું ત્યારે પણ આત્મા જુદો છે, જુદો છે એવી જાતની ધૂન રહેતી. અંતરમાં સ્વાનુભૂતિનો માર્ગ જુદો છે અને અંતરથી સ્વાનુભૂતિ થાય છે એમ ગુરુદેવે જે બતાવ્યું છે તેના ઉપર વિચાર ચાલતા હતા.

## બાળ વિભાગ

# દૃઢ શ્રદ્ધાની વારિષેણ

રાજગૃહી નગરીમાં ઉદ્યાનમાં ભ્રમણ કરતા શ્રીકીર્તિ શ્રેષ્ઠીના ગળામાં પહેરેલ હીરાના હાર જોઈ મગધસુંદરી મુગ્ધ થઈ ગઈ તેણે પોતાના પ્રેમી વિદ્યુતચોરને તે હાર લાવી આપવા કહ્યું. વિદ્યુતચોરે એક રાત્રિના તે શ્રેષ્ઠીના ઘરથી તે હારની ચોરી કરી પણ હારના પ્રકાશને કારણે ચોરી ન છુપાણી અને સિપાહીઓ તેની પાછળ પડ્યા વિદ્યુતચોર ભાગતા ભાગતા સ્મશાનમાં ધ્યાન કરતા વારિષેણ પાસે હાર ફેંકીને ભાગી ગયો. વારિષેણ પાસે હાર જોઈ સિપાહીઓએ વારિષેણને ચોર સમજી રાજા સમક્ષ રજૂ કર્યો, રાજાએ તેને મૃત્યુદંડ સંભળાવ્યો પરંતુ વારિષેણના પુણ્ય પ્રભાવે જલ્લાદની ખડગનો વાર ફૂલની માળા બની ગઈ, આ પ્રસંગથી વારિષેણને વૈરાગ્ય આવે છે હવે આગળ.....

‘‘કલ્પવૃક્ષ તો માંગવા પર ફળ આપે છે, ચિંતામણિ ચિંતવન કરવાથી ફળ આપે છે. પણ ધર્મથી વગર માગ્યે અને ચિંતવન કરતા જ કોઈ પરમ અદ્ભુત ફળ પ્રાપ્ત થાય છે. હે ભવ્ય ! આ ઘર તો જેલ સમાન છે, બંધુજન બંધનનું મૂળ છે, સ્ત્રી આપત્તિનું દ્વાર છે. કાળ અલંઘ્ય છે, માટે શરીરની રક્ષા છોડી ધર્મની રક્ષા કરવી. આ ટૂંકું આયુષ્ય અને ચંચળ શરીરને બદલે શાશ્વત પદ મળે તો સમજી લેવું કે કોડીના બદલામાં ચિંતામણિ રત્નને પ્રાપ્ત કરી લીધું.

વગર વિચારે કરેલ કાર્ય માટે પસ્તાવું પડે છે. મહારાજા શ્રેણિકે જ્યારે આ અલૌકિક ઘટના સાંભળી તો તેઓ અચંબિત થઈ ગયા. ધર્મનો પ્રભાવ જોઈ પોતે કરેલ કાર્ય માટે પશ્ચાત્તાપ કરવા લાગ્યા. ધીમે-ધીમે તેમના નેત્ર આંસુથી છલકાઈ ગયા. તેઓ પોતાને વારંવાર ધિક્કારવા લાગ્યા.

દુઃખી હૃદયે શ્રેણિક રાજા તરત જ પુત્ર વારિષેણ પાસે વધભૂમિમાં ગયા. વારિષેણની નિશ્ચળ પુણ્યમૂર્તિને જોઈ તેમનું હૃદય પ્રેમથી ભરાઈ ગયું. આંખોમાંથી આંસુની ધારા વહેવા લાગી. અપાર સ્નેહ અને આંસુભરેલ નેત્રોથી તરત જ પુત્રને ગળે લગાડ્યો અને ગળગળા અવાજમાં બોલ્યા– ‘‘પુત્ર ! મારો અપરાધ ક્ષમા કરો. હું ક્રોધાવેશમાં આંધળો થઈ ગયો હતો, માટે ન્યાય-અન્યાયનો નિર્ણય ન કરી શક્યો. હે પુત્ર ! પશ્ચાત્તાપની અગ્નિથી મારું હૃદય બળી રહ્યું છે, તેને તમે ક્ષમારૂપી જળથી શાંત કરો. મેં ધર્મનો અનાદર કર્યો છે, તેનું હું પ્રાયશ્ચિત્ત લઉં છું. મને પોતાના અવિવેક પર અત્યંત ખેદ છે.

પિતાને પશ્ચાત્તાપ કરતા દેખીને વારિષેણની આંખ આંસુથી છલકાઈ અને તેઓ સરળભાવે બોલ્યા—

''હે પિતાશ્રી ! તમે આ શું કરી રહ્યા છો ? તમે અપરાધી કઈ રીતે ? તમે તો તમારા કર્તવ્યનું પાલન કર્યું છે. તમે પુત્ર-પ્રેમવશ થઈને દંડ ન આપતા તો પ્રજા તમને ન્યાય-વત્સલ કહેતી નહીં. તમારી નીતિ પરાયણતાને જોઈ મારું હૃદય આનંદથી ગર્વિત છે. તમે તમારી પવિત્ર ન્યાય ધર્મની લાજ રાખી છે. મારા અશુભકર્મનો ઉદય જ એવો હતો કે જે હું નિરપરાધ હોવા છતાં કલંકનું લાંછન લાગ્યું. પોતે કરેલ શુભાશુભકર્મનું ફળ તો ભોગવવું જ પડે છે.''

પુત્રના આવા પવિત્ર અને ઉદાર વિચારો સાંભળીને શ્રેણિકનું હૃદય સ્નેહથી ગદ્‌ગદ્ થઈ ગયું તેઓ પોતાનું દુઃખ ભૂલી ગયા.

જેવી રીતે સિંહને સામે જોઈને હરણ ભયથી મોઢામાં રાખેલ ઘાસનું તણખલું છોડી દે છે, તેવી જ રીતે વારિષેણના પુણ્ય પ્રભાવને જોઈને વિદ્યુતચોર ખૂબ જ ભયભીત થઈ ગયો. તેણે વિચાર્યું કે રાજાને જ્યારે મારા દ્વારા વારિષેણના ચરણમાં ફેંકેલ હારનો વૃત્તાંત ખબર પડશે ત્યારે મને કઠોર દંડ આપશે અને જો હું પોતે જ જઈને સત્ય વાત કહી દઉં તો કદાચ મારો અપરાધ ક્ષમા કરી દે અથવા દંડ ઓછો કરી દે. પોતે કરેલ પાપકર્મનું ફળ તો પોતે ભોગવવું જ પડે છે.

ધિક્કાર છે મારા જીવનને કે હું કામાંધ થઈને નીચ વેશ્યાને વશ થઈ આવું અનર્થ કર્યું છે—એવો વિચાર કરી તે વિદ્યુતચોર રાજાની પાસે પહોંચ્યો અને અતિ વિનમ્ર થઈને સહજભાવથી પ્રાર્થના કરવા લાગ્યો— ''મહારાજ ! આ બધું પાપકર્મ મારું છે, પવિત્રાત્મા વારિષેણ સર્વથા નિર્દોષ છે. પાપી વેશ્યાના કહેવામાં આવીને મેં આ નીચ કૃત્ય કર્યું છે. આજથી હું આ પ્રતિજ્ઞા કરું છું કે આવું નીચ કાર્ય કોઈ દિવસ નહીં કરું અને મારું સંપૂર્ણ જીવન આજથી જિનધર્મની સાધના-આરાધનામાં જ અર્પણ કરીશ. હે કૃપાનાથ ! દયાળું થઈને મારા આ કૃત્યને ક્ષમા કરો.''

રાજા શ્રેણિકે વિદ્યુતચોરને પોતાના નીચકર્મનું પશ્ચાત્તાપ કરતા જોઈને તેને અભયદાન આપીને દુઃખમુક્ત કર્યો.

અહો ! ધન્ય છે ધર્મનો પ્રતાપ ! જેને જોઈને કાલનો મહાપાપી ચોર આજે ધર્માત્મા બની ગયો. ''હે આત્મન્ ! આ જીવની ભૂલ માત્ર એક સમયની જ છે. અનાદિકાળથી ભૂલેલો ભગવાન માત્ર એક સમયની ભૂલમાં ભ્રમિત થઈ ગયો છે. એક સમયની ભૂલ સુધારીને તે આત્મા પરમાત્મા બની શકે છે. અહો ! સ્વભાવની અપેક્ષાએ તો દરેક જીવ ભગવાન છે, કોઈ પ્રત્યે રાગ-દ્વેષ ન કરવો. પોતાનો ભગવાન આત્માનો ભરોસો જીવને પોતાના ભવનો અભાવ કરવાની ઝણઝણાટી જગાવી દે છે. (ક્રમશઃ) ❋

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ : પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ

સવારે ૮-૩૦ થી ૯-૩૦ : શ્રી સમયસાર ઉપર (૧૯મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન

બપોરે ૩-૧૫ થી ૪-૧૫ : શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન

બપોરે ૪-૧૫ થી ૪-૪૫ : શ્રી જિનેન્દ્ર ભક્તિ

રાત્રે ૮-૦૦ થી ૯-૦૦ : બહેનશ્રીનાં વચનામૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન

### ✻ શ્રુતપંચમી પર્વ ✻

જેઠ સુદ ૫, તા. ૧૧-૬-૨૦૨૪, મંગળવારના દિવસે શ્રુતપંચમી પર્વ શ્રી ષટ્ખંડાગમ જિનવાણીની પૂજા-ભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

### બાળકો માટેના આપેલ પ્રશ્ન મે — ૨૦૨૪ના ઉત્તર

(૧) આરાધના, વ્રત
(૨) સ્વ-પર, સૂર્ય
(૩) સમ્યક્જ્ઞાન
(૪) કેવળજ્ઞાન
(૫) જાણે — મોક્ષ જ્ઞાન
(૬) અનેકાંત — જિન
(૭) સમયસાર
(૮) ગુણ — પર્યાયો
(૯) કેવળજ્ઞાન — સિદ્ધપદ
(૧૦) દર્શન-જ્ઞાન-ચારિત્ર
(૧૧) પર
(૧૨) ચારિત્ર
(૧૩) જ્ઞાન
(૧૪) જ્ઞાન — જુદો
(૧૫) મુનિ
(૧૬) મિથ્યા સંસાર
(૧૭) અજ્ઞાન
(૧૮) સમ્યક્દર્શન
(૧૯) પોતા
(૨૦) સમ્યક્દર્શન

### બાળકો માટેના આપેલ પ્રશ્ન જૂન — ૨૦૨૪ના ઉત્તર

(૧) પંડિત દોલતરામજી
(૨) સમ્યક્ જ્ઞાન ચારિત્ર
(૩) આત્માનું, સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન
(૪) અતીન્દ્રિય, આનંદ
(૫) નિર્મળતા
(૬) સ્વરૂપ, સમ્યક્દર્શન
(૭) આત્મા, સમ્યક્દર્શન
(૮) સ્વભાવના
(૯) આત્મા
(૧૦) જ્ઞાનમય
(૧૧) સમ્યક્દર્શન, અતીન્દ્રિય સુખ
(૧૨) શંકાદિ, મરણાદિ
(૧૩) બંધ — મોક્ષ
(૧૪) સંસાર, મોક્ષ
(૧૫) જન્મ-મરણ
(૧૬) સમ્યક્જ્ઞાન, અપૂર્વ
(૧૭) જન્મ-મરણ, અમૃત
(૧૮) કેવળજ્ઞાન, ભેદજ્ઞાન
(૧૯) અતીન્દ્રિય સુખ
(૨૦) જ્ઞાન, ચારિત્ર

## શ્રી વર્ધમાન-સુરેન્દ્ર-લિંબડી-જોરાવરનગર દિગંબર જૈન મુમુક્ષુ સંઘ દ્વારા અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં વિવિધ આનંદોલ્લાસથી ઊજવાયેલ

# પરમ ઉપકારી કહાન ગુરુદેવનો મહામંગલકારી ૧૩૫મો જન્મ મહોત્સવ

## પંચાહ્નિક આયોજન

સ્વાનુભવમુદ્રિત, અધ્યાત્મયુગસ્રષ્ટા, દ્રવ્ય સ્વતંત્રતા ગજાવનાર પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ૧૩૫મો આનંદકારી વાર્ષિક મંગલ જન્મોત્સવ, તેઓની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ-અતિશયક્ષેત્ર સ્વાનુભૂતિતીર્થ શ્રી સુવર્ણપુરી (સોનગઢમાં) તા. ૫-૫-૨૦૨૪ થી તા. ૯-૫-૨૦૨૪ સુધી પંચાહ્નિક, ગુરુ-મહિમાદ્યોતક સમારોહપૂર્વક શ્રી વર્ધમાન-સુરેન્દ્ર-લિંબડી-જોરાવનગર સંયુક્ત મુમુક્ષુ સંઘ દ્વારા ઊજવવામાં આવ્યો હતો.

## શ્રી સુવર્ણપુરી તીર્થ પૂજન-વિધાનનું આયોજન

આદરણીય સ્મૃતિશેષ બ્ર. વજુભાઈ સાહેબની ભાવના હતી કે આપણે સંયુક્ત સંઘ ગુરુદેવશ્રીની જન્મજયંતી ઉજવીએ અને તેમાં સુવર્ણપુરીના જિનાયતનોમાં સ્થિત સર્વ જિનેન્દ્ર ભગવંતોની પૂજન કરીએ તેમની ભાવનાનુસાર શ્રી સુવર્ણપુરી તીર્થ પૂજન-વિધાનનું આયોજન સ્વાધ્યાયમંદિરની આગળ પૂર્વ દિશામાં પૂજન મંડપમાં આયોજન થયું હતું. તેમાં વિધાનનું માંડલું તથા દરેક મંદિરોના ચિત્રપટ તથા સામે રાખેલ વિશાળ સ્ક્રીન ઉપર રોજ થનાર પૂજન અનુરૂપ તે તે મંદિર તથા તેમાં બિરાજમાન ભગવાનને દર્શાવવામાં આવતા હતા જે અતિ સુંદર હતું. આ પ્રસંગે વિધિવિધાન અધ્યક્ષ શ્રી આદિનાથ ભગવાન તથા શ્રી સીમંધર ભગવાન, નેમિનાથ ભગવાન, મહાવીર ભગવાન તથા ધાતકી વિદેહના ભાવી તીર્થંકરને એમ કુલ પાંચ ભગવાનને ભક્તિભાવ સહિત જિનમંદિરમાંથી રોજ પૂજન મંડપમાં બિરાજમાન કરવામાં આવતા હતા અને પૂજન પશ્ચાત્ પુનઃ ભગવાનને મૂળ સ્થાને બિરાજમાન કરવામાં આવતા હતા. આ વિધાનમાં દરેક પૂજાની જયમાલામાં જે તે મંદિરનો ઈતિહાસનું વર્ણન કરવામાં આવ્યું છે.

## ઉત્સવનો દૈનિક કાર્યક્રમ

ભવ્ય સજાવટોથી વિભૂષિત મનોહર ડોમ મંડપમાં ક્રમશઃ સવારે પ્રભાતફેરી પછી પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રીનું માંગલિક, સુવર્ણપુરી જયમાલા, પૂજ્ય ગુરુદેવશ્રીના આશીર્વચન પશ્ચાત્ પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા. ૭.૪૫ થી ૮-૪૫ સુવર્ણપુરી તીર્થ પૂજન વિધાન, પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર સીડી પ્રવચન, ગુરુભક્તિ, પ્રાસંગિત જાહેરાતો, વિદ્વાનો દ્વારા ધાર્મિક શિક્ષણ, બપોરે પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી નિયમસાર શાસ્ત્ર ઉપર પ્રવચન(વિહાર દરમ્યાનના), શ્રી જિનેન્દ્ર ભક્તિ, વિદ્વાનો ધાર્મિક શિક્ષણવર્ગ તથા સાંજીભક્તિ, પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચા, રાત્રે પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી પદ્મનંદી પંચવિંશતી(વિહાર દરમ્યાનના) ઉપર સીડી પ્રવચન, તથા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવેલ હતા. પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી પ્રવચનો એલ.ઈ.ડી સ્ક્રીન પર મૂકવામાં આવતા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમમાં પ્રથમ દિવસે સંયુક્ત સંઘના મુમુક્ષુઓ દ્વારા સાંસ્કૃતિક

કાર્યક્રમ, બીજા દિવસે સોનગઢના બાળકો તથા બહેનો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. ત્રીજા દિવસે પંડિત શ્રી સુનિલભાઈ શાસ્ત્રી દ્વારા ધાર્મિક ક્વીઝ તથા ચોથા દિવસે પંડિત શ્રી નિતીનભાઈ શેઠ દ્વારા ધાર્મિક ક્વીઝ પ્રસ્તુત કરવામાં આવી હતી. જેમાં મુમુક્ષુઓએ શાંતિથી બેસીને સાંસ્કૃતિક કાર્યક્રમને નિહાળ્યો હતો. જેને નિહાળીને મુમુક્ષુઓ ઘણા જ પ્રમુદિત થયા હતા.

## ભવ્ય રથોત્સવ તથા કહાનકુંવર—પારણાઝૂલન

વાર્ષિક ગુરુ—જન્મોત્સવના હર્ષોપલક્ષમાં તા. ૮-૫-૨૦૨૪ના દિવસે સવારે ૭.૩૦ વાગે ‘ધાતકી-વિદેહના ભાવિ-તીર્થંકરદેવ’ના રથોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રથયાત્રામાં વિભિન્ન અનેક સજાવટ સાથે ‘કહાનકુંવરના પારણાઝુલન’નો અતિ મનોહર ફ્લોટ બધાનું ગુરુભક્તિભીનું ચિત્ત પોતાની તરફ કેન્દ્રિત કરતો હતો. ઉત્સવના ચાર દિવસ આયોજકો દ્વારા, ભજનમંડળી તથા વિવિધ મંડળોના દ્વારા સાંજી ભક્તિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

## ગુરુ-જન્મોત્સવ : વૈશાખી બીજનો કાર્યક્રમ

ગુરુ-જન્મ જયંતીના વાર્ષિક મંગલ દિવસે સવારે દેવશાસ્ત્રગુરુ દર્શન પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચા. ત્યારબાદ શ્રી સુવર્ણપુરી તીર્થ પૂજન વિધાનનું સમાપન, સભામંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું સીડી પ્રવચન થયું ત્યારબાદ પ્રાસંગિક જાહેરાતો થઈ પશ્ચાત્ પૂજ્ય ગુરુદેવશ્રીના મંગલ વધાઈનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં ગુરુદેવશ્રીને પાલખી દ્વારા ભક્તિના ગાન દ્વારા સ્ટેજ પર લાવવામાં આવ્યા પછી ભજનમંડળીઓના મધુર ગુરુજન્મના ભક્તિગીતો સાથે ભક્તોએ અંતરના ઉલ્લાસપૂર્વક ગુરુદેવશ્રીને વધાવ્યા હતા.

આ દિવસે ટ્રસ્ટીઓ દ્વારા વિવિધ જાહેરાતો કરવામાં આવી હતી. જેમાં સોનગઢમાં રહેતા મુમુક્ષુઓ માટે હેલ્પલાઈનની જાહેરાત કરવામાં આવી. તથા પ્રતિષ્ઠા મહોત્સવની ભવ્ય સફળતાને યાદ કરીને ટ્રસ્ટીશ્રી ભાવવિભોર થઈ ગયા હતા તથા પ્રતિષ્ઠા મહોત્સવની મધુર સંભારણાને વર્ષો સુધી યાદ રહે તે માટે સુવર્ણપુરી ભક્તિમાલા તથા આદિપુરાણ તથા પ્રતિષ્ઠા પ્રસંગોને લઈને એક ડોક્યુમેન્ટરી ફિલ્મ બનાવાશે તેવી જાહેરાત તેમના દ્વારા કરવામાં આવી. આ પ્રસંગે પ્રતિષ્ઠા મહોત્સવ આત્મધર્મ વિશેષાંકનું પણ પ્રતિષ્ઠાચાર્ય તથા ટ્રસ્ટીઓની ઉપસ્થિતિમાં વિમોચન કરવામાં આવેલ તથા પૂજ્ય ગુરુદેવશ્રી અને બહેનશ્રીને અર્પણ કરવામાં આવેલ. ઓનલાઈન બાળકો માટેની પાઠશાળાની એપનું વિમોચન ટ્રસ્ટીઓ દ્વારા કરવામાં આવેલ તથા આગામી ઉજવવામાં આવનાર જન્મજયંતિ આદિ પ્રસંગો તથા વેદીપ્રતિષ્ઠા મહોત્સવનું આમંત્રણ પાઠવવામાં આવેલ હતું. તા. ૯-૫-૨૦૨૪ના રોજ ગુરુદેવશ્રીના પ્રવચન બાદ પરમાગમમંદિરની પાછળ ઈશાન ખૂણામાં પૂજ્ય ગુરુદેવશ્રીના જીવન સંબંધિત ત્રણ ઝાંખી (પ્રદર્શની) (૧. પૂજ્ય ગુરુદેવશ્રીનું જન્મધામ ઉમરાળા, ૨. પાલેજમાં વેપાર દરમ્યાન શાસ્ત્ર સ્વાધ્યાય, ૩. પરિવર્તનધામ સ્ટાર ઑફ ઈન્ડિયા)નું ઉદ્ઘાટન મહોત્સવના આયોજકો, ટ્રસ્ટીઓ, બ્ર. બહેનો તથા મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ.

કહાનગુરુ જન્મોત્સવના આ ઉત્સવને ભવ્ય અને અવિસ્મરણીય રીતે ઉજવવા માટે આયોજક શ્રી વર્ધમાન-સુરેન્દ્ર-લીંબડી-જોરાવરનગરના કાર્યકરોએ ઘણી જ જહેમત ઉઠાવી હતી. સમાગત મહેમાનોને આવાસ તથા ભોજનની વ્યવસ્થામાં સંતોષનો અનુભવ થયો હતો. શ્રી વર્ધમાન-સુરેન્દ્ર-લીંબડી-જોરાવરનગરના કાર્યકરોનો ઉત્સાહ પ્રશંસનીય હતો. ✻ ✻ ✻

## વૈરાગ્ય સમાચાર :–

* વઢવાણ નિવાસી (હાલ મલાડ) શ્રીમતી જયાબેન મહાસુખલાલ સંઘવી (ઉ.વ. ૯૪)નું તા. ૧૩-૩-૨૦૨૪ના રોજ શાંતપરિણામપૂર્વક દેહ પરિવર્તન થયેલ છે.
* સોનગઢ નિવાસી બ્ર. ઈન્દુબેન લોદરિયા (ઉ.વ. ૮૮) તા. ૨૫-૩-૨૦૨૪ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓએ બ્રહ્મચર્યવ્રત લઈ આજીવન પૂજ્ય ગુરુદેવશ્રીના તત્ત્વજ્ઞાનનો લાભ લેવા સોનગઢ સ્થાયી રહેતા હતા.
* સોનગઢ અને મલાડના મુમુક્ષુ જશવંતરાય પાનાચંદ ડગલી (ઉ.વ. ૮૪)નું તા. ૨૬-૩-૨૦૨૪ના રોજ મુંબઈ મુકામે દેહપરિવર્તન થયેલ છે.
* ઈન્દુમતીબેન એમ. શાહનું તા. ૨૮-૩-૨૦૨૪ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* ભાવનગર નિવાસી મનસુખલાલ હીરાલાલ ભાયાણી (ઉ.વ. ૯૦)નું તા. ૩૦-૩-૨૦૨૪ના રોજ અમદાવાદ મુકામે દેહ પરિવર્તન થયેલ છે.
* સંડેર નિવાસી (હાલ અમદાવાદ) ગીતાબેન રતિલાલ શાહ (ઉ.વ. ૮૧)નું ૩-૪-૨૦૨૪ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* સોનગઢ નિવાસી (હાલ દાદર) શ્રીમતી નયનાબેન નિરંજનભાઈ(અંજનભાઈ) શાહ (-તેઓ હીરાભાઈ દહેગામવાળાના સુપુત્રી) (ઉ.વ. ૬૯) તા. ૪-૪-૨૦૨૪ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓશ્રી સોનગઢમાં ઉજવાતા દરેક પ્રસંગમાં તન-મન-ધનથી લાભ લેતા હતા.
* સોનગઢ નિવાસી બ્ર. સુબોધબેન જૈન (ઉ.વ. ૮૦)નું તા. ૬-૪-૨૦૨૪ના રોજ દેહપરિવર્તન થયેલ છે. તેઓએ આજીવન બ્રહ્મચર્યવ્રત લઈને ગોગીદેવી આશ્રમમાં રહીને પૂજ્ય ગુરુદેવશ્રી તથા બહેનશ્રીના તત્ત્વજ્ઞાનનો ઘણો લાભ લીધો હતો.
* બોટાદ નિવાસી કુસુમબેન ભુપતભાઈ નાગરદાસ કોઠારી (ઉ.વ. ૮૩)નું તા. ૯-૪-૨૦૨૪ના રોજ બારભાવના ભાવતા સમાધિપૂર્વક દેહપરિવર્તન થયેલ છે.
* અમદાવાદ નિવાસી બિપીનભાઈ સોમચંદ દોશી (ઉ.વ. ૭૦)નું તા. ૧૭-૪-૨૦૨૪ના રોજ નમસ્કાર મંત્ર સ્મરણ કરતા દેહ પરિવર્તન થયેલ છે.
* લીંબડી નિવાસી (હાલ ચેન્નાઈ) અશ્વિનભાઈ ધીરજલાલ સંઘવી (ઉ.વ. ૬૫)નું તા. ૧૯-૪-૨૦૨૪ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* અમદાવાદ નિવાસી શ્રી રશ્મિભાઈ જયંતીભાઈ ગાંધીનું તા. ૨૭-૪-૨૦૨૪ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* વઢવાણ નિવાસી શારદાબેન મહેન્દ્રભાઈ વારીયા (ઉ.વ. ૮૯)નું તા. ૨-૫-૨૦૨૪ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* સુરત નિવાસી (હાલ સોનગઢ) શ્રી નરેન્દ્રભાઈ ટી. ભાયાણી (ઉ.વ. ૭૪)નું તા. ૬-૫-૨૦૨૪ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓ અવારનવાર સોનગઢ આવી ધર્મલાભ લેતા હતા.
* ઘાટકોપર નિવાસી શ્રીમતી રશ્મિબેન હસમુખભાઈ મોદી (ઉ.વ. ૭૭)નું તા. ૮-૫-૨૦૨૪ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેમને સ્વાધ્યાયની ઘણી રુચિ હતી.

સ્વર્ગસ્થ આત્માઓ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન તથા ઉત્તર

પ્રશ્ન-૪૩ : કાર્મણવર્ગણા અને કાર્મણશરીરમાં શું ફેર છે ?

ઉત્તર : કાર્મણવર્ગણાના જે પરમાણુઓ છે તેઓ હજુ કર્મરૂપે થયા નથી પણ કર્મરૂપે થવાની તેનામાં લાયકાત છે. અને જે પરમાણુઓ આઠ કર્મરૂપે પરિણમ્યા છે તે કર્મોના સમૂહને કાર્મણશરીર કહેવામાં આવે છે.

પ્રશ્ન-૪૪ : અરિહંતને ક્યા કર્મો બાકી છે ?—શા માટે ?

ઉત્તર : અરિહંતને વેદનીય, આયુ, નામ અને ગોત્ર એ ચાર અઘાતિકર્મો બાકી છે, કેમકે હજી તેમને તે પ્રકારનો ઉદયભાવ બાકી છે.

પ્રશ્ન-૪૫ : પહેલાં કેવળજ્ઞાન થાય કે કેવળદર્શન—શા માટે ?

ઉત્તર : કેવળજ્ઞાન અને કેવળદર્શન એક સાથે જ (એક જ સમયે) થાય છે. કેમકે પૂરી દશામાં ઉપયોગમાં ક્રમ પડતો નથી; જ્ઞાન ને દર્શન બંને સળંગ વર્તે છે.

પ્રશ્ન-૪૬ : ધર્મદ્રવ્ય ચાલે ત્યારે તેને કોણ નિમિત્ત થાય ?

ઉત્તર : ધર્મદ્રવ્ય સ્વભાવથી જ સ્થિર છે, તે કદી ચાલતું નથી.

પ્રશ્ન-૪૭ : ધર્મદ્રવ્ય કેટલા દ્રવ્યોને સ્થિર થવામાં નિમિત્ત થાય ?

ઉત્તર : ધર્મદ્રવ્ય સ્થિર થવામાં નિમિત્ત થતું નથી પણ જીવ અને પુદ્‌ગલ દ્રવ્ય જ્યારે ગતિ કરે ત્યારે તેને ગતિમાં ધર્મદ્રવ્ય નિમિત્ત કહેવાય છે. સ્થિતિમાં નિમિત્ત અધર્મદ્રવ્ય છે.

પ્રશ્ન-૪૮ : સંસારી જીવોને કેટલા પ્રકારનાં શરીર હોય છે ?

ઉત્તર : સંસારી જીવોમાં કુલ પાંચ પ્રકારના શરીર હોય છે.—ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ અને કાર્મણ. તેમાંથી કોઈ એક જીવને એક સાથે વધુમાં વધુ ચાર ને ઓછામાં ઓછા બે શરીર હોય છે. એક અથવા પાંચ શરીર કોઈને હોતાં નથી.

પ્રશ્ન-૪૯ : બે શરીર ક્યા જીવને હોય ?

ઉત્તર : એક ભવમાંથી બીજા ભવમાં ગતિ કરતા જીવને ઘણો જ અલ્પકાળ (એક, બે કે ત્રણ સમય) કાર્મણ અને તૈજસ એ બે જ શરીર હોય છે.

પ્રશ્ન-૫૦ : ચાર શરીર ક્યા જીવને હોય ?

ઉત્તર : આહારકલબ્ધિ સંપન્ન છઠ્ઠા ગુણસ્થાનવર્તી મુનિને (વૈક્રિયિક સિવાયના) ચાર શરીર હોય છે.

પ્રશ્ન-૫૧ : જીવનું પરમાર્થ શરીર ક્યું ?

ઉત્તર : જીવનું પરમાર્થ શરીર ‘જ્ઞાન’ છે. જીવનું જ્ઞાનશરીર કદી જુદું ન પડે. પાંચ શરીરો પુદ્‌ગલના બનેલા અચેતન છે, તે ખરેખર જીવનાં નથી.

## (૧૩૦)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચેના પ્રશ્નોનાં ઉત્તરો છઢાળાની ચોથી ઢાળમાંથી મળશે.)

(૧) છઢાળા પુસ્તક .................. એ રચ્યું છે.

(૨) ........... દર્શન, ............, ........... તે મોક્ષમાર્ગની ચાલ છે.

(૩) ............ સ્વરૂપ જેમ છે તેમ શ્રદ્ધવું તે ........... છે અને જેમ છે જેમ જાણવું તે ............. નું લક્ષણ છે.

(૪) ધર્માત્માનું સ્વસંવેદન ............. છે ............ રૂપ છે, મોક્ષનું કારણ છે.

(૫) સ્વસંવેદન થતા અનંત ગુણમાં ............. થવા માંડે છે.

(૬) આત્માના સાચા ............. ને દેખવાથી ............. થાય છે.

(૭) ............. પોતે તે રૂપે પરિણમશે એટલે ............. ની પર્યાય પ્રગટશે.

(૮) સમ્યક્દર્શની વાત ........... હોંશથી સાંભળવી.

(૯) સમ્યક્દર્શન, જ્ઞાન, આનંદની ખાણ ............ મા છે.

(૧૦) આત્માનું શુદ્ધ સ્વરૂપ શુદ્ધ ........... છે.

(૧૧) સમ્યક્જ્ઞાનની સાથે ........... અને ............ સુખ હોય છે.

(૧૨) સમ્યક્જ્ઞાનીને .............. દોષ અને ........... ભય હોતા નથી.

(૧૩) ધર્મીને જે અલ્પરાગ છે તે ............ નું જ કારણ છે............ નું નહીં.

(૧૪) અપૂર્વ સમ્યક્જ્ઞાન .......... ચક્રને બંદ કરીને ........... ચક્રને ચાલું કરે છે.

(૧૫) પુણ્ય કરે તો ............. નો અંત ન આવે.

(૧૬) ........... તે મોક્ષને સાધવાની ............. કળા છે.

(૧૭) સમ્યક્જ્ઞાન ............ મટાડનાર પરમ ............. છે.

(૧૮) જ્યાં સુધી ............ ન થાય ત્યાં સુધી ............ ને ભાવવું.

(૧૯) અતીન્દ્રિયજ્ઞાન તે ................ નું કારણ છે.

(૨૦) સમ્યક્ શ્રદ્ધા ............ ને ............ નું મૂળ કારણ કહ્યું છે.

(દર મહિને પ્રશ્નોત્તરના ઉત્તરો તે જ મહિના અંકમાં આપવામાં આવશે.)

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● જ્ઞાન જ્ઞાનથી પણ થાય અને વાણીથી પણ થાય એમ અનેકાંત નથી, તે તો અનેકાંત મૂઢતા છે. શાસ્ત્રમાં જ્ઞાનનો અભાવ છે. માટે શાસ્ત્રથી જ્ઞાન થતું નથી પણ જ્ઞાનથી જ્ઞાન થાય છે, તે અનેકાંત છે. ૬૩૬.

● પ્રશ્ન :—આત્મા અનંત સ્વભાવવાન હોવા છતાં તેને જ્ઞાન માત્રપણે કેમ કહેવાય છે? જ્ઞાનમાત્ર કહેવાથી બીજા અન્ય ધર્મોનો નિષેધ સમજાય છે.

ઉત્તર :—લક્ષણની પ્રસિદ્ધિ વડે લક્ષ્ય—આત્માનો નિર્ણય કરવા માટે આત્માને જ્ઞાનમાત્ર કહેલ છે. આત્મામાં અનંત ગુણ છે. તેમાં જ્ઞાન મુખ્ય છે તે વિશેષ ગુણ છે. ત્રણે કાળે આત્માનું લક્ષણ જ્ઞાન છે, તે અન્ય દ્રવ્યોમાં નથી. જાણવાનું કાર્ય પર્યાયથી છે, જ્ઞાનની પ્રસિદ્ધિ વડે, 'જાણનાર તે જ આત્મા' એમ લક્ષ્યરૂપ આત્મા નિઃશંકપણે પ્રસિદ્ધ થાય છે. વ્યવહાર, રાગ, દયા, દાન, ભક્તિ વડે આત્માની પ્રસિદ્ધિ થાય નહીં. કેમકે રાગાદિ ત્રિકાળી સ્વરૂપમાં રહેતા નથી. એક સમયમાત્ર રહીને તે ટળી જાય છે. તેથી તે સ્વલક્ષણ થઈ શકે નહીં. અનંત ધર્મમાં મુખ્ય જ્ઞાન છે, પરાશ્રયબુદ્ધિ છૂટી અંતર્મુખ થવામાં જ્ઞાન જ કારણ છે. ૬૩૭.

● પ્રશ્ન :—એ લક્ષણની સિદ્ધિથી શું પ્રયોજન છે? લક્ષણને પ્રસિદ્ધ કર્યા વિના સીધો આત્મા અનંત ધર્મોવાળો છે એમ એકલા લક્ષ્યને જ જણાવવો યોગ્ય છે.

ઉત્તર :—લક્ષણના નિર્ણય વગર લક્ષ્ય આત્મા નક્કી થઈ શકે નહીં. માટે જે રીતે આત્મા પરથી ભિન્ન અને સ્વથી પરિપૂર્ણપણે સમજાય એ રીતે જેને લક્ષણનો નિર્ણય થાય તેને લક્ષ્ય—આત્માનો નિર્ણય થાય. જ્ઞાનમાત્ર તે આત્મા છે. પણ દેહાદિ કે રાગાદિ તે આત્મા નથી. ૬૩૮.

● પ્રશ્ન :—ક્યું તે લક્ષ્ય છે કે જે જ્ઞાનની પ્રસિદ્ધિ વડે તેનાથી ભિન્ન પ્રસિદ્ધ થાય છે?

ઉત્તર :—જ્ઞાનથી જુદી ચીજ લક્ષ્ય નથી કારણ કે જ્ઞાન અને આત્મા દ્રવ્યપણે અભેદ છે. સમજાવવા માટે પર્યાયથી, વ્યવહારથી ભેદ પડે છે, વસ્તુમાં ભેદ નથી. ૬૩૯.

આત્મધર્મ
જૂન-૨૦૨૪
અંક-૧૦ ● વર્ષ-૧૮

Posted at Songadh PO
Publish on 1-06-2024
Posted on 1-06-2024

Registered Regn. No. BVR-367/2024-2026
Renewed upto 31-12-2026
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org